ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૩ || અંક: ૮ || ઓગસ્ટ ૨૦૨૧ || સળંગ અંક : ૫૯૮

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.in

# A. R. College of Pharmacy & G. H. Patel Institute of Pharmacy




- One of the oldest and finest pharmacy institutes in Gujarat
- Offering programmes: D. Pharm, B. Pharm, M. Pharm and Ph. D in Pharmacy
- Approved by Pharmacy Council of India (PCI) & AICTE, New Delhi
- State-of-the-art research laboratories
- Well qualified, experienced and research-oriented faculty team

(Read more about this Institute on page no.19)




વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઑગસ્ટ – ૨૦૨૧

વર્ષઃ ૨૩ અંકઃ ૮

સળંગ અંકઃ ૫૯૮

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષઃ ૧૯૪૫

કર્મણ્યેવાધિકારસ્તે ।

તંત્રી

ઉર્વીશ છાયા

પરામર્શન

નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા

ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ

સંપાદન-સહાય

વિજય સુથાર

પ્રકાશક

ડૉ.એસ.જી. પટેલ

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક

લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર



અધ્યક્ષ

શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ્ મંત્રી

ડૉ. એસ. જી. પટેલ

માનદ્ સહમંત્રીઓ

• શ્રી મેહુલ ડી. પટેલ

• શ્રી રમેશ સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમૅન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-

• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર

'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**स्तनेषु हाराः सितचन्दनार्द्रा भुजेषु सङ्गं वलयाङ्गदानि।**
**प्रयान्त्यनङ्गातुरमानसानां नितम्बिनीनां जघनेषु काञ्च्यः॥७॥**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

मदनातुर नितम्बिनियों के कुचों में सफेद चन्दन से सिक्त मालाएँ तथा बाँहों में बाजूबन्द और कंगन एवं जघनस्थलों पर करधनी आजकल सुशोभित हो रही है ॥७॥

श्लोक-७, षष्ठः सर्ग (वसन्तवर्णनम्)


॥ અતીતની અટારીએથી ॥ રળિયામણી ગુજરાત
» **ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ**............................૩

॥ પ્રાથમ્ય ॥ જીવનસંધ્યા
» **એસ.જી.પટેલ**............................................૯

॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)
» **અરજણદાસ, ભાકર શાહ, હરદાસ ખત્રી, દાસી જીવણ**..........................................૧૨

॥ નવાં કાવ્યો ॥
» **યોગેશ પંડ્યા, પ્રીતમ લખલાણી, આબિદ ભટ્ટ, રમણીક અગ્રાવત**.................................. ૧૩-૧૪

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)
વાચનની વૃત્તિ કેળવવી પડે છે
» **પુરુષોત્તમ ગ. માવળંકર**................................૧૫

॥ પુસ્તક સમીક્ષા ॥ સંવેદના અને સમજણમઢ્યું સ્મૃતિગાન
» **ભગીરથ બ્રહ્મભટ્ટ** ........................................૧૬

॥ લઘુકથા ॥ વચ્ચે
» **ગિરિમા ઘારેખાન**........................................૧૭

॥ માનવતાની વાત ॥ સંવેદના
» **ટીના સંઘવી**..............................................૧૮

॥ સંસ્થા પરિચય ॥ A. R. College of Pharmacy & G. H. Patel Institute of Pharmacy, Vallabh Vidyanagar
» **Dr. Jolly R. Parikh** .............................૧૯

॥ શિક્ષણ ॥ શિક્ષણસંસ્થામાં આયોજનનું મહત્ત્વ
» **અશોક સોમપુરા**.........................................૨૩

॥ વાર્તા ॥ પરમ પ્રીત
» **મનીષા રાઠોડ**............................................૨૭

॥ સંસ્મરણ ॥ વિદ્યાનગરનાં મારાં સંભારણાં
» **સૂર્યકાંત વૈષ્ણવ**.........................................૩૧

॥ વિશેષ ॥ उपकार है तेरा ए मालिक।
» **મહેશ સ્ટેલિન**............................................૩૨

॥ આયુર્વેદ ॥ Fumigation as a disinfectant technique: a preventive measure for COVID infections
» **Swagata Dilip Tavhare, C.H.Babaria**............૩૩

॥ સ્વાસ્થ્ય ચર્ચા ॥ તનાવ: અર્થ, લક્ષણો અને કારણો
» **પી.ડી.શર્મા**..............................................૩૮

॥ વિદ્યાવૃત્ત ॥
» **૧૧, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૨૬, ૩૦, ૩૨**




ISSN 0976 – 9609

# રળિયામણી ગુજરાત

ભાઈલાલભાઈ ઘાભાઈ પટેલ

અમદાવાદનું કાંકરિયું જોયા પછી બીજી જોવાલાયક કે મહેમાનોને બતાવવા લાયક ચીજ તે માધવબાગ સામેની મસ્જિદ છે. એનું શિલ્પ તો બહુ સામાન્ય છે, પણ એમાં એક બીજી મોટી વિશિષ્ટતા છે. એના બંને મિનારાને જો ઉપર ચડીને આપણે ધક્કો મારીએ તો મિનારો જાણે કે હમણાં જ તૂટી પડશે, એટલી હદ સુધી મિનારાને ઝુલાવી શકાય છે.

બંને મિનારા ધક્કો મારતાં હાલે છે, એટલું જ નહિ પણ જોવા જનારની બે ટોળીઓ પડી જાય ને એક ટોળી એક મિનારા પર અને બીજી ટોળી બીજા મિનારા પર ચઢે તો એક મિનારો હલાવતાં બીજો મિનારો આપોઆપ ધ્રૂજી ઊઠે છે. ખૂબી તો એ છે કે આ મિનારો હલાવવા માટે ફક્ત બે જ માણસોની જરૂર પડે છે. અગર તો ફક્ત બે જ માણસો ત્યાં ઊભા રહી શકે, એટલી જ માત્ર જગા છે.

આવી જ બીજી મસ્જિદ ગોમતીપુરમાં છે એનો મિનારો સહેજ ઊંચો છે. એટલે તો ઝૂલાવવાની મઝા પડે છે. પણ એ મસ્જિદનો બીજો મિનારો ધરતીકંપના કારણે તૂટી ગયેલો છે, જેથી માધવબાગ આગળની મસ્જિદમાં એક મિનારાને હલાવતાં બીજો મિનારો પણ હાલી ઊઠે છે, એવી અસર આ ગોમતીપુરની મસ્જિદમાં થતી નથી.

પરદેશીઓને બતાવવા માટે માધવબાગ નજીકની મસ્જિદ એ એક ઉત્તમ દૃશ્ય છે. આ મસ્જિદની વિશિષ્ટતાના ફેલાવા સારુ વધુ પ્રચાર કરવાની આવશ્યકતા છે. મિનારાનું ઝૂલવાનું કારણ શોધવા માટે અનેક વ્યક્તિઓમાં ઉત્સુકતા જાગૃત થાય એવું એ દૃશ્ય છે. મિનારો ઝૂલવાની આ કરામત એના પથ્થરોમાં રહેલી છે. જે માણસો આગ્રા જઈ આવ્યા હશે તેમણે આગ્રાના બજારમાં રબ્બરની પેઠે હાલતી લાલ પથ્થરની ચીપો વેચાય છે તે જરૂર જોઈ હશે. આ ચીપો ફૂટ-સવા ફૂટ લાંબી, બે અઢી ઈંચ પહોળી અને લગભગ એક ઈંચ જાડી હોય છે. એ ચીપનો એક છેડો પકડીને હલાવો તો આખો પથ્થર બીજે છેડે સારી પેઠે ઊંચો-નીચો થતો દેખાય છે. આ પટ્ટીને હલાવવાની ક્રિયા બંધ કરો એટલે એ ચીપ પાછી હતી તેવી સીધી થઈ જાય છે.

આ જાતનો પથ્થર પાણીમાં રેતીના કણ જમા થયા પછીથી પૃથ્વીની ગરમીના દબાણને લીધે અગર ધરતીકંપ થવાના કારણે બને છે. આ પ્રકારના પથ્થર ''રેતવા પથ્થર''ના નામે ઓળખાય છે. એમાં જો લોખંડનો કાટ ભળેલો હોય તો તેટલા પ્રમાણમાં એનો રંગ લાલાશ પકડે છે. જો લોખંડનો કાટ ન હોય તો એ પથ્થરનો રંગ સફેદ હોય છે. આ રેતી ચકમકમાંથી બનેલી હોય છે.

આ રેતીને પાણી ગ્રેનાઈટ નામના પથ્થરમાંથી ખેંચી લાવે છે. આપણી પૃથ્વીના પેટાળમાં ગરમ ધગધગતો પ્રવાહી રસ હોય છે. પૃથ્વીનું પડ જ્યારે ઠંડું પડતું હતું ત્યારે આ રસ પૃથ્વીનું પડ

તોડીને જમીનના ઉપલા ભાગોમાં ફેલાઈ જતો. જ્યાં એ રસ ઝપાટાબંધ ફેલાઈ ગયો હોય અને એકદમ ઠરી ગયો હોય ત્યાં, મહારાષ્ટ્રમાં જોવામાં આવે છે તેવા, કાળમીંઢ પથ્થરો બની જાય છે. પણ એ રસ જ્યાં આસ્તે આસ્તે ફેલાય છે અને ધીમી ગતિએ ઠંડો પડે છે ત્યાં એ રસમાં રહેલા જુદા જુદા પદાર્થોના મોટા મોટા કણ બંધાય છે. ગ્રેનાઈટ પથ્થરો આ રીતે બને છે.

ગુજરાતમાં પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓમાં નાના મોટા કદના ગ્રેનાઈટ પથ્થરો મળી આવે છે. સૌથી સરસ ગ્રેનાઈટ પથ્થર તો હિંમતનગરના પ્રદેશમાંથી આપણને મળી શકે છે.

ગ્રેનાઈટમાં મુખ્ય ત્રણ તત્ત્વો હોય છેઃ ચકમક, ફેલ્સ્પાર અને અબરખ. હિંમતનગરથી ઈડર સુધીમાં મળતા ગ્રેનાઈટમાં આ ત્રણે તત્ત્વોના કણ સારી પેઠે સ્થૂળ થયેલા હોય છે. આ પથ્થર પાણી, હવા અને વનસ્પતિને લીધે જેમ જેમ ખવાય છે, તેમ તેમ આ કણો છૂટા પડતા જાય છે.

અબરખ અને ફેલ્સ્પારનું રૂપાંતર માટીમાં થાય છે. જ્યાં ફેલ્સ્પાર ત્યાં એની ચિનાઈ માટી બને છે. આ બધામાં ચકમકની રેતીના કણો તો હોય છે જ, પરંતુ ચકમક વધુ સખત હોવાથી ફેલ્સ્પાર ને અબરખ ચકમકની રેતીમાંથી જલદી છૂટાં પડી જાય છે. આગળ જતાં એકલી ચકમકની રેતી જ બાકી રહે છે.

મહી નદીની રેતીમાં આજે આપણે મોટે ભાગે ચકમકના કણો સહજ જોઈ શકીએ છીએ. પણ જ્યાં ગ્રેનાઈટના પહાડથી નજીકમાં રેતીનો ભરાવો થયો હોય તો ફેલ્સ્પાર અને અબરખના કણો રહી જાય છે.

કાળે કરીને આ પથ્થરો ઉપર સડતી વનસ્પતિના તેજાબોની અસર ધીરે ધીરે થયાં કરે છે, જેથી પેલા ફેલ્સ્પાર અને અબરખના કણ આસ્તે આસ્તે ઓગળી જાય છે અને પેલા ''રેતવા પથ્થર''ના પેટાળમાં ખાલી અવકાશ ઉત્પન્ન થાય છે.

આગ્રામાં હલનચલનવાળી જે પથ્થરની ચીપો વેચાય છે તે આવી જાતના ''રેતવા પથ્થર''માંથી બનાવેલી હોય છે. રેતીના કણો તો ધરતીકંપ વખતે થયેલા જમીનમાં દબાણથી ચોંટેલા હોય છે. પણ એની અંદર ફેલ્સ્પાર આદિનાં ધોવાણ વડે જે અવકાશ ઉત્પન્ન થયેલું હોય છે તેનાથી પેલા રેતીના કણને આઘુંપાછું થવાની જગા મળી રહે છે. રેતીના કણ ચોંટેલા હોઈ તે પથ્થરને ભાંગવાપણું રહેતું નથી. જો તેને વધુ પડતા બળે હલાવ્યા કરીએ તો તેના ટુકડા પડવાનો સંભવ ખરો!

આગ્રાના આવા પથ્થરની ચીપો કે પટ્ટીઓને વારેવારે હલાવ્યા કરવાથી તેને તોડી શકાય છે. તે જ પ્રમાણે ગોમતીપુરનો મિનારો ધરતીકંપના આંચકાથી તૂટ્યો હતો. હિંમતનગર આગળ હાથમતી નદીના તળમાં કંઈક આવી જ જાતનો પથ્થર તૈયાર થયો છે. આગ્રાના પથ્થર જેટલો એ હાલતો નથી. કારણ કે એમાં અવકાશનું પ્રમાણ ઓછું છે. છતાં પણ થોડોકેય અવકાશ હોવાથી એની


ISSN 0976 – 9609

અસર આ પથ્થરથી બાંધેલા અમદાવાદના મિનારાઓમાં દેખાઈ આવે છે.

મિનારાની ટોચ હલાવવાથી તેમજ મિનારાનું તળિયું જમીન ઉપર હોવાથી મિનારાની ઊંચાઈરૂપી એક લાંબું ઉચ્ચાલન મિનારાને ઝુલાવવામાં મળી રહે છે. આ ઉચ્ચાલનનો દરેકે દરેક પથ્થર થોડે અંશે હાલતો હોવાથી એની અસર મિનારાની છેક ટોચ ઉપર સારી રીતે દેખાઈ આવે છે.

મસ્જિદના બન્ને મિનારાઓ મસ્જિદમાં પેસવાના મુખ્ય દરવાજા પરની કમાનથી જોડાયેલા હોય છે. આથી એક મિનારાનું માથું હલાવવાના કારણે જે મોજાં ઉત્પન્ન થાય છે તે આ વચલી કમાનો મારફત બીજા મિનારા સુધી પહોંચે છે. એની ધ્રુજારી છેક બીજા મિનારાની ટોચ સુધી પહોંચે છે. જોવા આવનારા ત્યાં ઊભેલા માણસોને આ મિનારો ''હલતો'' અનુભવાય છે, તેમજ હાલતો દેખાય છે પણ ખરો!

અમદાવાદ આવતા દેશી યા પરદેશી પ્રવાસીઓ માટે માધવબાગ આગળની મસ્જિદ એ મહાન આશ્ચર્યનું સ્થાન છે. અમદાવાદની નગરપાલિકા તથા ગુજરાત સરકાર તરફથી એ મસ્જિદની વધારે જાહેરાત થવાની જરૂર છે.

કારીગરીની દૃષ્ટિએ જોઈએ તો ભદ્રની સરદારબાગ આગળની સીદી સૈયદની મસ્જિદની અદ્‌ભુત જાળીઓનો જોટો જગતભરમાં અન્ય સ્થળે મળે કે કેમ તે સંશયજનક છે. આ મસ્જિદની પાછલી બાજુએ આવી જ ત્રણ જાળીઓ હતી. કહેવાય છે કે, એમાંની વચલી જાળી ઈંગ્લેન્ડ લઈ જવામાં આવી છે. પણ હજીયે બે જાળીઓ તો અમદાવાદ નગરીની કારીગરીને ગૌરવાન્વિત બનાવે છે.

કોતરકામની કારીગરીની દૃષ્ટિએ રાણી સિપ્રીની મસ્જિદ પણ અમદાવાદ જોવા આવનારને ખાસ બતાવવા જેવી છે.

ગુજરાતના હિન્દુ રાજ્યના પતન પછી સો વરસ બાદ પણ ગુજરાતમાં સ્વતંત્ર સુલતાનોનું રાજ થતાં જ ગુજરાતની હિન્દુ કળાકારીગરીમાં નવો જીવ આવ્યો હતો, એના આ બધા પુરાવા છે.

યોજનાની ભવ્યતા સાથે કળાનો સુમેળ જોવો હોય તો અમદાવાદની જુમ્મા મસ્જિદ અવશ્ય જોવી જોઈએ. તેની સાથે સાથે રાણીનો હજીરો પણ જોવા જેવો છે. શાહીબાગ તરફ જતાં દરિયાખાનનો ઘુમ્મટ જોવાનું પણ કોઈએ ચૂકવું જોઈએ નહિ.

શાહજહાન ગુજરાતના સૂબા તરીકે અમદાવાદમાં રહેલો. અમદાવાદના શિલ્પે શાહજહાન બાદશાહના દિલ પર ભારે અસર જમાવી હતી. સિંધના નગરઠઠ્ઠા શહેરમાં શાહજહાને બંધાવેલી મસ્જિદની ભવ્યતા એ અમદાવાદની જુમ્મા મસ્જિદનું આછુંપાતળું અનુકરણ છે.

દરિયાખાનના ઘુમ્મટની અસર વિશ્વવિખ્યાત તાજમહાલના ઘુમ્મટમાં દેખાય છે. અમદાવાદના સુલતાનો કરતાં શાહજહાન પાસે વધારે લક્ષ્મી, બહોળી સત્તા અને મહાન વિશાળ મુલક આવેલો હોવાથી એણે ગુજરાતના રેતવા પથ્થરની જગાએ મકરાણનો આરસ વાપર્યો છે. હિન્દ બહારના

પરદેશી કારીગરોને એ બોલાવી શક્યો તેમજ વિવિધ પ્રકારના રત્નોનો ઉપયોગ મકાનો બાંધવા માટે કરી શક્યો. આ બધાનાં બીજ શાહજહાનના અમદાવાદના નિવાસ વખતે પડેલા છે, એ બહુ જાણીતી વાત છે. શાહઆલમ અને સરખેજના રોજા જોયા સિવાય અમદાવાદના શિલ્પનો સંપૂર્ણ ખ્યાલ ન આવે.

અમદાવાદમાં શ્રેષ્ઠ હિંદુ સ્થાપત્ય જોવું હોય તો હઠીસિંગનું દહેરું અવશ્ય નિહાળવું ઘટે. અંગ્રેજી રાજ અમલની શરૂઆતમાં પણ સાડાચારસો વરસોના મુસ્લિમ અમલ અને લગભગ પોણોસો વરસના મરાઠા અમલની ભીષણતા છતાંય હિંદુ કળાકારીગરી જીવંત રહી હતી એનો પુરાવો આ દહેરું છે.

થોડા સમય બાદ અમદાવાદમાં સ્વામીનારાયણ ધર્મનું સુવિખ્યાત નરનારાયણદેવનું મંદિર બંધાયું છે.

અમદાવાદમાં અને ગુજરાતમાં પણ એક વિશિષ્ટ ચીજ જોવા મળે છે. ઈસ્લામ ધર્મમાં દેવોની, માણસોની કે પશુપંખીઓની મૂર્તિઓ કરવાનો નિષેધ છે. આમ છતાંય મહંમદ બેગડાએ બંધાવેલ અમદાવાદ શહેરના કિલ્લાના દરિયાપુર દરવાજે પથ્થરમાંથી કોતરી બનાવેલા હાથી મૂકવામાં આવેલા છે.

અમદાવાદની દરેક મસ્જિદમાં મૂર્તિઓ સિવાય હિંદુ સ્થાપત્ય સોળે કળાએ ખીલેલું છે.

સાધારણ રીતે સામાન્ય માણસની એવી સમજ છે કે અકબરે રજપૂત કન્યાઓ સાથે લગ્ન કરીને હિંદુ-મુસ્લિમ ઐક્ય સાધવાનો પ્રયત્ન કર્યો હતો.

ગુજરાતનો ઇતિહાસ કંઈક જુદી જ વાત કહે છે. ગુજરાતના સુલતાનો રજપૂત રાણીઓને પરણતા હતા. આજ સુધી એની બેગમોનાં હિંદુ નામો જળવાઈ રહેલાં છે. જેમ કે રાણી સિપ્રીની મસ્જિદ, રાણી રૂપમતીની મસ્જિદ, રાણીનો હજીરો વગેરે.

મહંમદ બેગડાના વખતમાં મુસલમાન થયેલા રજપૂતો સૈકાઓ પસાર થયા છતાંય આજે પણ નારસિંગજી, માનસિંગજી એવા હિંદુ નામો રાખે છે તેમજ ઘણાઓ હિંદુ આચારવિચાર પાળનારા છે.

આગાખાની ખોજાઓએ પણ હિંદુઓના ઘણા શાસ્ત્રો રામાયણ-મહાભારત આદિનું વાચન-કથન તેમના ધર્મસ્થાનોમાં ચાલુ રાખેલ છે.

મુસલમાનોએ ગુજરાત જીત્યું ત્યાર પછી શરૂઆતમાં લગભગ બધા હિંદુ દેવમંદિરોનો નાશ થયો હતો, છતાં કેટલાક મંદિરોનો જીર્ણોદ્ધાર મુસલમાન રાજઅમલમાં જ થયો હતો, જ્યારે ઔરંગઝેબ બાદશાહે આબુ, શેત્રુંજો અને ગિરનારના પર્વતો, અમદાવાદના નગરશેઠને, પવિત્ર સ્થાનોની પવિત્રતા સાચવી રાખવા સારુ સોંપેલા હતા.

 ISSN 0976 – 9609

હઠીસિંગનું દહેરું બાંધતી વખતે તેમાં મુસલમાન કારીગરો કામ કરતા હતા. તે જોઈને ફાર્બસ સાહેબે ઉદ્‌ગાર કાઢ્યા હતા કે, ''ઈશ્વરની ગતિ તો જુઓ, જેના બાપદાદાઓએ હિંદુ મંદિરોનો નાશ કર્યો હતો, એના જ વંશજો આજે હિંદુ મંદિરો બાંધવાના પથ્થરો ઊંચકી રહ્યા છે. એટલું જ નહિ પણ ગુજરાતના ઘણાખરા મંદિરો બાંધવાના કામમાં મૂર્તિઓ પણ મુસલમાન કારીગરો જ બનાવી આપે છે!''

ડાકોરનું રણછોડરાયનું મંદિર અને સારસામાં કુબેરદાસનું મંદિર આ બે ખેડા જિલ્લામાંના મોટા મંદિરોનો ઘાટ આબેહૂબ તાબૂતના આકારનો છે. આ બે મંદિરો તો મરાઠી રાજઅમલમાં હિંદુઓના પૈસે જ બંધાયા છે. વીસમી સદીમાં તો અનેક હિંદુ મંદિરો બંધાઈ રહ્યાં છે, જેમાં મુસ્લિમ કારીગરોનો પણ હિસ્સો છે.

ગુજરાતમાં વાવોનું શિલ્પ હિંદના અન્ય ભાગો કરતાં વધારે ખીલેલું છે. જો કે વાવો બાંધવાનું કામ તો છેક મહાભારત કાળથી ચાલ્યું આવ્યું છે. મહાભારતની શકુંતલા દુષ્યંતને કહે છે કે,

*''નથી સત્ય સમો ધર્મ, સત્યથી પર કંઈ નથી,*
*અને આ લોકમાં જાણો, નથી બૂરું અસત્યથી,*
*વાવ સારી કૂવા સોથી, યજ્ઞ સો એ સુવાવથી,*
*સો યજ્ઞોથી ચડે પુત્ર, સત્ય સો એ સુપુત્રથી.*
*ચારે વેદ તણું પુણ્ય ને સર્વ તીર્થસ્થાનોનું,*
*સત્ય સામે મૂકી જોતાં, તરે તુલ્ય ન યે તરે.''*

આમાં સો કૂવાઓ કરતાં એક વાવને સારી ગણાવી છે. કારણ સ્પષ્ટ જ છે. મુસાફરને કૂવામાંથી પાણી કાઢવું હોય તો દોરી-લોટાનું સાધન સાથે જોઈએ. ગૃહિણીને પણ કૂવાનું પાણી લાવવું હોય તો બેડાં સાથે દોરડું પણ રાખવું પડે, જ્યારે વાવની અંદર તો પગથિયાં! કૂવામાં ઉનાળામાંયે નીચામાં નીચે તળ સુધી પાણી જાય ત્યાંથી પણ નીચે સુધી પગથિયાં ગયેલાં હોય છે, જેથી કોઈ પણ મુસાફર વાવમાં નીચે ઊતરીને પોસ ભરી ખોબે ખોબે પાણી પી શાંતિ મેળવી શકે છે-તૃષાને તૃપ્ત કરી શકે છે. જ્યારે ગામ નજીક જો વાવ હોય તો ગૃહિણીઓ વાવમાં નીચે ઊતરીને વગર દોરડે બેડું ભરી પગથિયાં ચડીને સ્વગૃહે પાણી સરળતાથી લઈ જઈ શકે છે.

જૂના વખતમાં તો વેપારીઓની પોઠોના કાફલા એક શહેરથી બીજે શહેર માલ લઈ જતા હતા, એમને માટે તો વાવ એક મોટા આશીર્વાદરૂપ હતી.

આમ હોવાથી અમદાવાદ જેવા સુવિખ્યાત રાજધાનીના શહેરમાં કોઈ સુખી-પુણ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળી વ્યક્તિ-સુંદર મોટી વાવ ન બંધાવે એ બને જ કેમ?

અમદાવાદની સુંદર વાવ જોવી હોય તો તે અસારવામાં ''દાદા હરિની વાવ''ના નામે સુવિખ્યાત

વાવ છે. એ કોઈ પુરુષે બંધાવેલી નથી. અને બંધાવનાર તો મહંમદ બેગડાની ધાવ બાઈ ''હરિ'' હતી. એ વાવ સંવત ૧૫૫૬માં બંધાઈ હતી. એ બાઈ સુલતાન મહંમદ બેગડાની ધાવ હોવાથી એનું નામ કદાચ ''દીદી હરિની વાવ'' હશે. દીદી હરિને બદલે દાદા હરિ એ નામ થઈ ગયું લાગે છે.

સાધારણ વાવોમાં પગથિયાં આઠથી દસ ફૂટ પહોળા હોય છે. પગથિયાની બાજુની બંને ભીંતો માટીના દબાણથી પડી ન જાય તેટલા માટે બે ઊભા થાંભલાની વચ્ચે કમાન કરી તે કમાન ઉપર આડો પથ્થર મૂકેલો હોય છે. જેમ જેમ ઊંડાઈ વધતી જાય છે, તેમ તેમ આ કમાનોના માળ પણ વધતા જાય છે. વાવ એટલે કૂવો અને કૂવાના છેક તળ સુધી એમાં બનાવેલા પગથિયા.

પરંતુ અસારવા તો અમદાવાદ શહેરની બહાર આવેલું મોટું પરું, જ્યાં દસ દસ હજાર પોઠોના કાફલા ઊતરી શકે. એમને જોઈતું પાણી પુરું પાડવા માટે છ-આઠ કોસ જોડાય તેટલા વ્યાસવાળો કૂવો જોઈએ. આવા મોટા કૂવામાં ઘણા માણસોને એકી સાથે ઊતરવા માટે ઘણા પહોળા પગથિયા જોઈએ. એથી દાદા હરિની વાવમાં એકને બદલે ત્રણ કમાનો છે.

સામાન્ય મુસાફરોને તો આ વાવની વિશાળતા જોઈને ઘણું આશ્ચર્ય લાગે તેમ છે, પણ ગુજરાતમાં ઘણી વખત એકએકથી ચડે એવા શિલ્પ નાના સ્થળોએ પણ મળી આવે છે. એનું દૃષ્ટાંત અડાલજની વાવ છે. ઉત્તર ગુજરાતના અમદાવાદ આવવાના બધા માર્ગ અડાલજ ગામ આગળ મળતા હતા. અમદાવાદ આવવા માટેનો છેલ્લો મુકામ અડાલજ હતું, જેથી અડાલજની વિધવા રજપૂત રાણીએ જનહિતાર્થે મારી યાદદાસ્ત પ્રમાણે છ લાખ રૂપિયા ખરચીને સંવત ૧૫૫૪માં અડાલજ ગામની ભાગોળમાં એ સુંદર વાવ બંધાવી હતી.

આ વાવના શિલ્પ અને કારીગરીનો જોટો હિંદભરમાં જડે એમ નથી. સંવત ૧૫૫૪ એટલે મહંમદ બેગડાનો સમય. ગુજરાતના સુલતાને અહીં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યા પછી ઉજ્જડ બનેલું ગુજરાત ફરી સમૃદ્ધ થયું.

અસારવાની દાદા હરિની વાવ એ તો અડાલજની વાવનું એક સામાન્ય અનુકરણ છે. એનું ખર્ચ બે લાખ રૂપિયા થયું હતું એવું મારું અનુમાન છે.

અમદાવાદ આવતા કોઈપણ દેશી કે પરદેશી મુસાફરે અડાલજની વાવ તો અવશ્ય જોવી જોઈએ. આપણી ગુજરાત સરકારે ત્યાં એક સારો મુસાફરી બંગલો બંધાવીને આ વાવને ભારે પ્રસિદ્ધિ આપવી જોઈએ.

(-ભાઈકાકા શતાબ્દી ગ્રંથમાંથી સાભાર)


ISSN 0976 – 9609

## જીવનસંધ્યા

એસ.જી. પટેલ

યુનોની પેટા સંસ્થા વિશ્વ તંદુરસ્તી સંઘ (WHO)ના અહેવાલ પ્રમાણે ભારતમાં સીનિયર સિટિઝન્સની સંખ્યા ઝડપભેર વધી રહી છે. એક અંદાજ મુજબ વિશ્વમાં નજીકના ભવિષ્યમાં સૌથી વધારે વરિષ્ઠ નાગરિકો ભારતમાં હશે. ૨૦૦૧ની વસતી ગણતરી મુજબ આપણા દેશમાં ૬૦થી વધારે ઉંમરના નાગરિકોની સંખ્યા સાડા સાત કરોડ હતી. તે દસ વર્ષમાં વધીને ૨૦૧૧માં દસ કરોડ થઈ. આ ગતિ જળવાઈ રહે તો ૨૦૨૧માં તે ૧૪ કરોડ અને ૨૦૩૧માં ૧૮ કરોડ લોકો સીનિયર સિટિઝન્સ હશે. દાક્તરી સેવાની સગવડો વધે છે જ્યારે બાળજન્મનું પ્રમાણ ઘટતું જાય છે તેના આધારે આ આંકડાઓ આપવામાં આવ્યા છે. સરકારી અંદાજ મુજબ ભારતની વસ્તી હાલમાં (૨૦૨૧ જુલાઈ) ૧૩૯ કરોડ છે એટલે કે લગભગ ૧૦% વસ્તી વૃદ્ધોની છે. અત્યારે કેરાળ, ગોવા, હિમાચલ પ્રદેશ અને તામિલનાડુમાં વૃદ્ધોની ટકાવારી સૌથી વધારે છે.

ઘડપણમાં કમાણી કરવાની શક્તિ ઘટે છે અને બીમારીઓનું પ્રમાણ વધે છે. બ્લડ પ્રેશર, સંધિવા, બહેરાશ અને ઝાંખી નજર ધરાવતા આ વૃદ્ધોની સલામતી અને સુખાકારીની જવાબદારી કેટલાક સંસ્કારી દેશોમાં સરકાર ઉપાડે છે. આપણે ત્યાં ૭૦ ટકા વૃદ્ધો ગામડામાં વસે છે અને તેમની સારસંભાળ તેમનાં સંતાનો રાખે છે. શહેરી વિસ્તારમાં વસતા ૩૦ ટકા જેટલા વૃદ્ધો એકલવાયા હોવાથી નોકર-ચાકરો અને ચોર-લૂંટારાના હાથે લૂંટાય છે અથવા તેમની હત્યા થાય છે.

ઓછી આવક ધરાવતા વૃદ્ધો માટે પેન્શનની સગવડ આશીર્વાદરૂપ બને છે. ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને થાઈલેન્ડ જેવા પ્રમાણમાં ગરીબ દેશોએ વૃદ્ધોની સામાજિક, આર્થિક અને સલામતી માટે સારી સગવડ કરી છે. આ દિશામાં થાઈલેન્ડે કુટુંબ વ્યવસ્થા અને પાડોશીઓનો સહકાર મેળવ્યો હોવાથી તેમની યોજના નમૂનેદાર થઈ છે. આ બાબતમાં ભારત સરકાર મદદગાર થાય તો અમેરિકા અને ઓસ્ટ્રેલિયાના મૂડીદારો વૃદ્ધાશ્રમો સ્થાપવા અને ચલાવવાની તૈયારી બતાવી રહ્યા છે.

વૃદ્ધત્વની સૌથી મોટી સમસ્યા એકલતાની છે. ભારતની સંયુક્ત કુટુંબ પ્રણાલી આવી સમસ્યાઓનો સચોટ ઉકેલ છે, છતાં આ પ્રથામાં રહેલાં અન્ય દુષણોને લીધે નવી પેઢી અને શહેરીજનો માબાપ જોડે રહેવા કે તેમની સારસંભાળ રાખવા તૈયાર નથી. વૃદ્ધાશ્રમો નવા જમાનાની માગ છે છતાં એમાંય નવી સમસ્યાઓ ડોકિયાં કરે છે. મોટી ઉંમરે અને લથડતી તબીયતના કારણે વૃદ્ધોના સ્વભાવમાં જબરદસ્ત પરિવર્તન આવે છે. તેમની નાજૂક અને ખંડિત મનોદશાના પરિણામે વૃદ્ધાશ્રમોના સંચાલકો માટે પડકાર ઊભા થયા છે.

વૃદ્ધોની સમસ્યાઓ અને લાગણીઓને વાચા આપતી વાર્તા આપણને કંઈક શીખવી રહી છે.

મોતીકાકાના ઘરને કાયમ માટે તાળું મારતા મારતા હું અને કમલા ભાંગી પડ્યા. તેમના બગીચામાં રાખેલા બાંકડા પર બેસી અમે બંને રડી પડ્યા. અમે બંને કંઈક બોલી શકીએ તેવી સ્થિતિમાં ન હતા. ‘હેં વિજય, જીવનની સંધ્યા આટલી દુઃખદ હોય છે... એ તો મેં કલ્પના પણ કરી ન હતી.’ કમલા રડતી રડતી બોલતી હતી. મેં કહ્યું ‘કમલા, માયા અને લાગણી તો એવી છે જે બાજુ ઢાળ મળે એ બાજુ ઢળી જાય. તેને ઉંમર કે ધન સાથે કોઈ સંબંધ હોતો નથી.’

મેં મોતીકાકાના બંધ મકાન સામે ફરીથી જોયું...

મારી થોડા દિવસ પહેલાંની કાકા સાથેની મુલાકાત નજર સામે આવી... વાસ્તવમાં મોતીકાકા એટલે મારા મિત્ર સુરેશના પપ્પા. સુરેશ કરતાં પણ વધારે મોતીકાકા સાથે મને ફાવતું... તેનું કારણ નિખાલસતા, નિઃસ્વાર્થપણું, સ્વમાની અને આનંદથી ભરેલું તેમનું વ્યક્તિત્વ મારા માટે પ્રેરણાદાયક હતું. અમારી એકબીજાની નિઃસ્વાર્થ ભાવનાએ અમને લાગણીના બંધનોથી બાંધી રાખ્યા હતા, બાકી મારો મિત્ર સુરેશ તો વિદેશ જઈ મને ભૂલી ગયો હતો. મતલબ વગર તેનો ફોન કદી આવતો નહીં... હું પણ મતલબીઓ સાથે મતલબ પૂરતી જ વાત કરતાં ઘણા સમયથી શીખી ગયો હતો.

થોડા દિવસ પહેલાં હું કાકાને મળવા ગયો હતો... તેમનો સ્વભાવ તો આનંદી હતો જ. તેઓ મને હંમેશાં કહેતા કે તકલીફો દુનિયામાં કોને નથી..? તમારી તકલીફો અને દુઃખના ગાણા રોજ ગાવાથી દુનિયા તમારાથી દૂર રહે છે. ભગવાન શ્રીકૃષ્ણ તકલીફો વચ્ચે જીવ્યા છતાં પણ કદી રડ્યા નથી. સંઘર્ષ વચ્ચે પણ શાંતિ કેવી રીતે મેળવવી એ આદર્શ જીવનની શીખ ભગવાન શ્રીકૃષ્ણએ ગીતાજીના માધ્યમ દ્વારા આપણને શીખવાડી છે. મોતીકાકાની ઉંમર ૮૦ વર્ષ છતાં પણ જ્યારે મળવા જાઉં ત્યારે હું મારું દુઃખ/દર્દ ભૂલી ઊભો થાઉં તેવી તેમની આનંદ-મસ્તીની વાતો હોય. આવનાર વ્યક્તિ સમયનું ભાન ભૂલી જાય અને તેને ઊભું થવું ન ગમે તેવી મોતીકાકાની વાતો કરવાની કલા મને ગમતી. તેઓ હંમેશાં કહેતા કે પરિસ્થિતિ આપણા પર હાવી ન થવી જોઈએ. એ પરિસ્થિતિમાં હસતા હસતા જીવવું છે કે રડતા રડતા, એ દરેક વ્યક્તિએ નક્કી કરવાનું છે. હું જ્યારે મળું ત્યારે કંઈક નવું શીખીને જતો. તેમની પાસે જીવન જીવવાની અદ્ભુત જડીબુટ્ટી હતી. જેઓ તેમને યાદ કરે એમને જ યાદ કરતા. લાગણીઓના પ્રવાહમાં ખેંચાઈ જવું, એવો એમનો સ્વભાવ જ નહીં. તેમણે તેમના સગા દીકરા અને વહુને પણ કદી પૂછ્યું નથી કે ઈન્ડિયા ક્યારે આવો છો? તેઓ હંમેશાં કહેતા, ''મન હોય તો માળવે જવાય.'' વ્યક્તિને ઇચ્છા હોય તો રસ્તો આપોઆપ નીકળી જાય, બાકી બહાના તો હજારો હોય-તેમના આ સુંદર શબ્દો હજુ કાનમાં ગુંજે છે.

આ મોતીકાકાને છેલ્લે થોડા દિવસ પહેલાં મળવા આવ્યો ત્યારે તેમના પત્ની (સુધામાસી) સાથે હીંચકે ઝૂલતા હતા. મને જોતાં જ બોલી પડ્યા-આવ, બેટા તારી જ રાહ જોતા હતા. તારી માસી ઘણા દિવસથી અપસેટ છે એવું મોતીકાકા બોલ્યા. મેં પૂછ્યું, 'શું થયું માસી?' 'કંઈ નહીં, તારા કાકાને ફરિયાદ કરવાની ટેવ પડી ગઈ છે.' કાકા હસતા હસતા બોલ્યા, 'બેટા! ઘણા વખતથી કબાટના લોકરની ચાવી તારી માસી મને આપતી નથી. કાલે રાત્રે ચોર આવ્યો... ચોરે ધમકી આપી એટલે તારી માસીએ લોકરની સંતાડેલી ચાવી કાઢી ચોરને આપી દીધી.' ચોરે લોકર ખોલ્યું, તો અંદર ઝેરની બોટલ સિવાય કંઈ જ ન હતું. ચોર રડી પડ્યો. ચોરીનો અમારા ઘરનો બીજો સામાન અમારા પગ પાસે મૂકી બોલ્યો, 'મને માફ કરજો, લોકડાઉનના કારણે મારી નોકરી જતી રહી છે. પરિવારની ભૂખ ભાગવા આ ખોટે રસ્તે ચઢી ગયો છું, મને માફ કરો.' કાકાએ ચોરને કહ્યું, 'અરે બેટા, હવે તો અમે જીવનના દિવસો નહીં, કલાકો ગણીએ છીએ. તારા પરિવારની ભૂખ ભાગવી વધારે અગત્યની છે. અમારે તો પાપનું પોટલું બાંધવાનો સમય આવી ગયો છે. આ પોટલામાં જે કંઈ હોય તે તું લઈ જા, અમારી નજરમાં તેની કોઈ જ કિંમત નથી. તારે રૂપિયાની જરૂર હોય તો વિના સંકોચે આવતો-જતો રહેજે. હા પણ રાત્રે નહીં, દિવસે ડોરબેલ મારીને આવજે.' ચોર હાથ જોડી બોલ્યો, 'દાદા ચોરી એ મારો વ્યવસાય નથી. છતાં પણ એક વાત કહું, તમારા જેવી વ્યક્તિ આ દુનિયામાં ભાગ્યે જ મળે.' કાકાને ખૂબ હસવું આવ્યું, પછી બોલ્યા, 'એ ચોર મને એનો મોબાઈલ નંબર આપીને ગયો. દાદા કદી પણ મૂંઝાતા નહીં. હું તમારી સેવામાં ચોવીસે કલાક હાજર રહીશ.' છેવટે દાદા ગંભીર થઈ બોલ્યા, 'બેટા! સંતાનોની પાછળ આવા શબ્દો સાંભળવા આખી જાત ઘસી નાખી અને જીવન પૂરું કરી નાખ્યું.'

હવે, તને મુદ્દાની વાત કરું. મેં તારી માસીને પૂછ્યું કે 'લોકરમાં ઝેરની બોટલનું કારણ શું?' તો તેણીએ કહ્યું, 'તમને કંઈ થઈ ગયું તો હું એકલી નહીં જીવી શકું... એટલે... આ ઝેર...' કાકા રડી રહ્યા હતા. 'બેટા, જીવનસાથી વગર જીવવું અઘરું તો છે જ. તેમાં પણ વળી આ અવસ્થામાં તો ખાસ.'

આવી સરસ વાતો કરી અમે છૂટા પડ્યા. પછીના સપ્તાહમાં તો સુધામાસી હાર્ટફેલમાં ગુજરી ગયા. અમે બધાએ કાકા સાથે મળી માસીના અંતિમ સંસ્કારની વિધિ પતાવી. ઘેર જતાં જતાં અમે કાકાને કહ્યું, 'તમારાથી હવે એકલા ન રહેવાય, ચાલો હવે મારા ઘરે.' કાકા ગંભીર થઈ ગયા અને બોલ્યા, 'તારી માસીની બધી વિધિઓ પતી જાય પછી વિચારીશ.'

અમે ઘેર ગયા અને બીજા જ દિવસે વહેલી સવારે સંદેશો મળ્યો કે કાકા ગુજરી ગયા. અમે તાત્કાલિક એમના ઘેર પહોંચ્યા ત્યારે પોલીસ આવી ગઈ હતી. કાકાના એક હાથમાં ઝેરની ખાલી બોટલ હતી અને બીજા હાથમાં ચિઠ્ઠી


ISSN 0976 – 9609

હતી, જેમાં લખેલું હતું, ''સુધા, તારી ઝેરની બોટલનો ઉપયોગ મેં કર્યો છે. તારો ખાલીપો સહન કરવાની તાકાત મારામાં પણ ન હતી.''

તેમણે મારા પર લખેલી ચિઠ્ઠીમાં લખ્યું હતું, ''વિજય બેટા, તારે બારમા અને તેરમાની અમારી અંતિમ વિધિ એક સાથે જ કરવાની છે. મારા છોકરાની રાહ ન જોતો. તે તેનામાં વ્યસ્ત છે... અમારા જીવતાં તો તેને રજા મળી નહીં તો હવે રજાઓ બગાડીને અહીં આવવાનો શો ફાયદો? તું સુખી અને આનંદમાં રહેજે... અહીં આપણા ઋણાનુબંધ પૂરા થાય છે. લિ.મોતીકાકાના આશીર્વાદ.''

મેં પોલીસના હાથમાં ચિઠ્ઠી મૂકી, પોલીસ પણ ચિઠ્ઠી વાંચી ભીની આંખે ઘરની બહાર નીકળતાં એટલું બોલ્યા... આ અવસ્થા દરેકની આવવાની છે. દાદાની કાંધ દેતી વખતે એક વ્યક્તિ ખૂબ રડતો હતો... મેં કદી તેને જોયો ન હતો. મેં તેની ઓળખ પૂછી તો તેણે જવાબ આપ્યો, ''આવ્યો હતો ચોરી કરવા પણ દાદાએ મારું દિલ ચોરી લીધું.'' છેલ્લે કવિશ્રી આર.પી. પટેલની કવિતા આપણને સરસ સંદેશ આપે છે.

*પાનખરની આ સોનેરી સંધ્યાએ ખર ખર ખરી જતાં*
*જીવનવૃક્ષનાં પીળાં પર્ણોના અંતિમ દર્શન થકી*
*વસંત વૈભવ માણી લઈએ!*

*જીવતરના તૂટેલા ટાંકા ફરી, ચાલો સાંધી લઈએ,*
*કોઈએ દીધેલા જખમ ભૂલીને સંબંધો બાંધી દઈ*
*એકબીજાને મળતા રહીએ, પરસ્પરને ગમતા થઈએ.*

*જીવનબાગની મહેંક મૂકીને ચાલો જીવાય એટલું*
*સાથે જીવી જઈએ અને જીવતરને માણી લઈએ.*

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન : (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
ઈમેલ : sgpatel1948@gmail.com

॥ વિદ્યાવૃત્ત ॥

## સીવીએમ યુનિવર્સિટીની એડીઆઈટી કોલેજમાં AICTE-ATAL પ્રાયોજિત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન

તારીખ ૨૦ જુલાઈ ૨૦૨૧ના રોજ ન્યૂ વલ્લભવિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટીની એડીઆઈટી કોલેજમાં પાંચ દિવસના રાષ્ટ્રીય કક્ષાના AICTE-ATAL પ્રાયોજિત અને ઇલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટ દ્વારા આયોજિત એફડીપી-ઈલેક્ટ્રિક વેહિકલ્સ ટેક્નોલોજી એન્ડ ચેલેન્જીસના ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન થયેલ હતું. આ કાર્યક્રમમાં સીવીએમ યુનિવર્સિટી પ્રેસિડેન્ટ શ્રી ભીખુભાઈ પટેલ તથા સીવીએમ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડો.પી. એમ. ઉદાણી સાહેબે ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રો. ધવલ ટેલર દ્વારા પ્રોગ્રામના પ્રારંભિક આવકાર અને પ્રાર્થના બાદ ઈલેક્ટ્રિક વિભાગના હેડ ડો. હાર્દિક શાહે (NBA એક્રેડિટેડ) ઇલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટ વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમના કો-ઓર્ડિનેટર ડો. કલ્પેશ ચુડાસમાએ કાર્યક્રમને લગતી વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે ADIT કોલેજના પ્રિન્સિપાલ ડો. વિશાલ સિંઘે એફડીપીના સંદર્ભમાં ઉદ્‌બોધન કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન તારીખ ૨૦ થી ૨૪ જુલાઈ ૨૦૨૧ દરમ્યાન થયું હતું, જેમાં ઈલેક્ટ્રિક વેહિકલ ટેક્નોલોજી, બેટરી મેનેજમેન્ટ, મોટર, કંટ્રોલર વગેરે જેવા ટોપિક પર IIT, NIT જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓના વિષયના જાણકારો દ્વારા લેક્ચર સાથે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

CVM યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડો. ઉદાણી સાહેબે ઇલેક્ટ્રિક વેહિકલના ઉદયની તથા એનાથી ઊભી થનાર ઊજળી તકો અને તેના સામેની ચેલેન્જીસ પર પ્રકાશ પાડ્યો હતો. એન્જિનિયર શ્રી ભીખુભાઈ પટેલ- પ્રેસિડેન્ટ CVM યુનિવર્સિટીએ ઇલેક્ટ્રિક વ્હિકલને લગતી રાષ્ટ્રીય અને ગુજરાતની EV પોલીસી વિશે તેમના સંબોધનમાં ઉલ્લેખ કર્યો હતો. આ કાર્યક્રમમાં ભારતભરમાંથી અલગ-અલગ રાજ્યોમાંથી ૨૦૦થી પણ વધારે ફેકલ્ટીએ લાભ લીધો છે. અંતમાં પ્રો. જીગર મિસ્ત્રીએ આભાર વિધિ કરી હતી.

ADIT કોલેજના પ્રિન્સિપાલ ડો. વિશાલ સિંઘ, સીવીએમના માનનીય અધ્યક્ષ શ્રી ભીખુભાઇ પટેલ અને અન્ય હોદ્દેદારોએ ADIT કોલેજના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા અને AICTE-ATALનો આભાર માન્યો હતો.

## મારી નજરે મોતી આયા

**અરજણદાસ**

ગુરુ! મારી નજરે મોતી આયા,
હે જી મેં તો ભેદ બ્રહ્મરા પાયા;
સંતો! મેરી નજરે મોતી આયા...

સોહં સોહં જાપ અજપા, ત્રિકુટિ તકિયા ઠેરાયા,
ચઢી સુરતા કિયા સમાગમ સુખમન સેજ બિછાયા;
હે જી ગુરુજી! સુખમન તાર મિલાયા... સંતો મેરી નજરે...

અધર તખતથી મોતી ઊતર્યા શૂન ઘર આઈ સમાયા,
રંગ અલૌકિક સફેદ દેખલે ગુરુગમસે સૂઝે પાયા;
હે જી ગુરુજી! સદ્‌ગુરુ સાન બતાયા... સંતો મેરી નજરે...

મોતી મણિમેં મણિ મોતીમેં જ્યોતમેં જ્યોત મિલાયા,
ઐસા હૈ કોઈ ખેલ અગમકા, દિલ ખોજે દરશાયા,
હે ગુરુજી! નિરાધાર દરશાયા... સંતો મેરી નજરે...

અરસપરસ અંતર નહીં દેખ્યા, હરખ નિરખ ગુણ ગાયા;
દાસ અરજણ સત જીવણશરણે પરાપારમેં પાયા;
હે ગુરુજી! પારપરિબ્રહ્મ પાયા... સંતો મેરી નજરે...

## ગુરુ આજ

**દાસી જીવણ**

અજવાળું હવે અજવાળું,
ગુરુ, આજ તમ આવ્યે રે મારે અજવાળું,

સદ્‌ગુરુ શબ્દ જ્યારે શ્રવણે સુણાવ્યો,
ભેટ્યા ભીમ ને ભાંગ્યું ભ્રમનું તાળું. ગુરુ આજ...

જ્ઞાન ગરીબી સંતની સેવા
પ્રેમ ભક્તિનો સંગ હવે પાળું, ગુરુ આજ...

ખીમ ને ભાણ રવિ રમતા રામા,
તે જ તત્ત્વમાં ગુરુ તમને ભાળું. ગુરુ આજ...

દાસી જીવણ સત ભીમનાં ચરણાં,
અવર દૂજો ધણી નહીં ધારું. ગુરુ આજ...

## મન તું સમજ મસ્તાના!

**ભાકર શાહ**

મન તું સમજ મસ્તાના!
હમ તો કિસી કે રંગમેં ન જંગમેં, દૂર દૂર ઘર જાના,

મન તું સમજ મસ્તાના!
હીરા-ઝવેરાંધી ઝોલી ભર લે, લાલ ઝવેરી ધાવા,

મન તું સમજ મસ્તાના!
સત્ ગુરુ કી સેવા કર લે, મિટ જાય માન-ગુમાના,

મન તું સમજ મસ્તાના!
કહે ભાકરશાહ હેત સે ભજી લે સાંઈ કાવા

મન તું સમજ મસ્તાના!

## ઘટમેં પ્રગટી ગંગા

**હરદાસ ખત્રી**

ઘટમેં પ્રગટી ગંગા, અબ તો ઘટમેં પ્રગટી ગંગા!
સદ્‌ગુરુ મળિયા ચંગા, અબ તો ઘટમેં પ્રગટી ગંગા!

ભૂતળ ભેદ ભભક ભટ્ નિકસ્યા, તાપ પાપ નહીં તંગા,
લે'ર મે'ર સત્ સંગત દઢમેં, ઘેરી જ્ઞાન સુરંગા.
અબ તો ઘટમેં પ્રગટી ગંગા!

તા બીચ કમલ અમલ મુખવાણી, શીતલ બાસ સુગંધા,
ભમર અમત મન કરત કિલોહલ, સરસતી પ્રેમ ઉમંગા.
અબ તો ઘટમેં પ્રગટી ગંગા!

નવદલ જલકલ સકલ અકલ કલ, પાવત કોઈ ઉતંગા,
દૂર ન જાવે હે દિલ ભીતર, હોવે ચિત્ત અસંગા.
અબ તો ઘટમેં પ્રગટી ગંગા!

પાવન પિંડ કરે પલકમેં, રોમ રોમ હરિ રંગા,
હરહર કર હરદાસ ઝિલિયેં, મીલ કર સંત પ્રસંગા.
અબ તો ઘટમેં પ્રગટી ગંગા!


ISSN 0976 – 9609

## મન ગોકુળ, મન વૃંદાવન...

**યોગેશ પંડ્યા**

મન ગોકુળ મન વૃંદાવન
મારું મન ગોકુળ મન વૃંદાવન...
'શ્યામ' નામની માલા જપતી
શ્વાસોની આવનજાવન...
મન ગોકુળ મન વૃંદાવન

શ્વાસોચ્છ્વાસમાં ગોધણની રજ
મહેકે મારું હૃદય કમલ-દલ,
મોરપિચ્છનાં રંગો ભીતર
છલકે મનસંગ પલપલ પલપલ

પવન વહે ગોકુળની દિશથી
સૂર વહેતા મનભાવન, ભાવન...
મન ગોકુળ મન વૃંદાવન.

કાળજ ઉપર કદંબ ઊગ્યા
નસનસ વહેતી યમુના
એક આંખમાં સૂતા શમતાં
એક આંખમાં રમણાં

પ્રાણ પછેડી ઓઢે પરિમલ-
સુમન, ચરણ-રજ પાવન..પાવન!
મન ગોકુળ મન વૃંદાવન..

૧૪૧, શિવનગર, તળાજા રોડ, ભાવનગર-૩૬૪૦૦૨
મો.૯૨૬૫૦૬૮૫૨૭/૯૩૭૭૧૧૪૮૯૨

## પૂજા

**પ્રીતમ લખલાણી**

શ્રાવણ મહિનાના
સોમવારે તો ઠીક
હું તો વારતહેવારે પણ
દેવદર્શને જવાનું ટાળું છું
પણ કોઈ ઢળતી સાંજે
આંગણાના મેપલ વૃક્ષ તળે
ચકલીને ધૂળમાં નાહતી જોઉં છું ત્યારે
એકાએક મારું મન
ભર ચોમાસે ગામ છેવાડે
આવેલ શિવદેરીના તળાવમાં
બાળભેરુ સાથે મારેલા ધુબાકા
અને લીલા ખેતર વચ્ચે
ખરે બપોરે શેઢા સંગે
હડીઆપટ્ટી કરતાં પતંગિયા સાથે રમેલ
સંતાકૂકડીની યાદે
મન ભરાઈ આવે છે ત્યારે
આંખે આવેલ આંસુ લૂછતો
અમેરિકા આવવા ગામથી નીકળ્યો ત્યારે
ભાથાના ડબ્બા સાથે બા'એ આપેલ પાદરની
મુઠ્ઠી એક ધૂળમાંથી
ચપટીક ભરી
કપાળે ટિલક કરી લઉં છું!

### ।। પ્રતિભાવ ।।

પ્રિય ઉર્વીશભાઈ છાયા,

'વિ-વિદ્યાનગર' નિયમિત મળે છે. તેમાંથી અવકાશે કેટલુંક જરૂર વાંચું છું. મને ઘણું ગમે છે.

ખાસ તો ભાઈકાકાના સ્મરણોમાંથી તમે 'વિ'માં મૂકો છો તે મને બહુ જ આવકાર્ય લાગ્યું છે. એક સંસ્થા ઊભી થાય તેમાં કેટકેટલા લોકોનું તપ રેડાયું હોય છે તેનો ચિતાર એમાંથી મળે છે. આજની પેઢીને આની ભાગ્યે જ કશી ખબર હોય.

આ મહાનુભાવો કેવા નિસ્વાર્થ અને સમર્પિત હતા જેથી આવું ભવ્ય વિદ્યાસંકુલ ઊભું કરી શક્યા તેનો નવી પેઢીને પરિચય મળવો જોઈએ. ડગલે ડગલે આવતી વિટંબણાઓ તેમણે કેમ વળોટી તેની વાતો પણ પ્રેરક છે. ભાઈકાકા વિશે ચં.ચી. કે માવળંકર સાહેબ જેવા લખે તે પણ સ્પર્શી જાય તેવું હોય છે.

આ ઉત્તમ વારસો છે. આપણી પ્રજા હજુ સંસ્થાસંચાલનમાં ઘડાતી જાય છે ત્યારે વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાનું સ્તુત્ય કાર્ય આપ સૌ કરી રહ્યા છો એનો આનંદ છે. અભિનંદન.

- તમારો મનસુખ સલ્લા

## ગઝલ

**આબિદ ભટ્ટ**

ના વિશ્વના કુબેરને કે સદ્ધરને ઓળખું,
જે હાથ હોય અર્પતા અદ્ધરને ઓળખું.

માણસ વિશે કશું નહીં નક્કર કહી શકું,
પણ કામને કઢાવવા ઈશ્વરને ઓળખું.

સ્હેવું ધરાનો ધર્મ છે, પોંખું તમામને,
તૂટેલ તારલા વિશે અંબરને ઓળખું.

છે ખેતરો તો ઘાસના પણ કામના નહીં,
પ્રાણીની આગ ઠારતા પડતરને ઓળખું.

ચીંધું છું આંગળી તરત, ઇચ્છા કશી નહીં,
વળતા મળે તે સ્મિતના વળતરને ઓળખું!

દરિયાથી છું અજાણ હું પૂછો નહીં કશું,
કરતા તરસને તૃપ્ત એ નિર્ઝરને ઓળખું.

બાકી બધા જ દ્વાર પર નન્નો ભણાય છે,
ખૂલે જે આવકારના તે ઘરને ઓળખું.

નિર્ઝર, મદીના મસ્જિદ રોડ, પોલો ગ્રાઉન્ડ,
હિંમતનગર-૩૮૩૦૦૧, જિ.સાબરકાંઠા
મો.૯૪૦૯૦૨૨૧૩૦

## તૂટતા તાણા વીખરાતા વાણા

**રમણીક અગ્રાવત**

વરસો વરસો પછી
માણેકનાથ બાવા* રાતભર વણી સાદડી
સવારે સબળ ઉકેલી નાખે રોષભેર.
ટપોટપ ઢળે આમ સાજાસમા લાગતા માણસો
નાક નસીકતાં, છીંકતા, તાવથી ધીખતા માણસો.
અમદાવાદ, અમદાવાદ આ તને કયો અભિશાપ?
કીડીમંકોડાની જેમ ઉભરાતું શહેર
ક્ષુબ્ધ સન્નાટો ઓઢી પડ્યું છે મૂઢ.
ઘરેઘરના દરવાજે ટકોરા મારે નહીં દેખાતો ભય.
માણસ જેવા માણસને પળમાં અછૂત બનાવી દેતું
ક્યાંથી ત્રાટક્યું આ દળકટક?
કવચ ભેદીને પણ આવી શકે વટક.
આવી પડે દિવસોના દિવસોનો પૃથક્ વાસ.
કે અણગમતો આંકડો બની ટપકી જવાય ટપ્
કાળામેશ ખાનામાં.
ઘર બહાર મૂકેલું એક ડગલું પણ
કરી મૂકે વેરવિખેર
જીવનના વણાતા પોતને.

*અમદાવાદની સ્થાપના થઈ એ અરસાની એક જનશ્રુતિ છે. અહમદશાહ બાદશાહે અમદાવાદ વસાવ્યું એ પછી નગરના રક્ષણ માટે એની ચોમેર કિલ્લો બનાવવાનું શરૂ કર્યું. કિલ્લો ચણાતાં હાલના ખાનપુર પાસે આવ્યા ત્યારે ત્યાં માણેકનાથ નામના એક સાધુની ઝૂંપડી હતી. બાદશાહના સિપાહીઓએ ઝૂંપડી ધરાર હટાવી. પરંતુ પછીથી એવું બનવા લાગ્યું કે દિવસભર થયેલું કિલ્લાનું ચણતર બીજે દિવસે સવારે તૂટી પડે. બાદશાહે કારણ સમજવા તપાસ કરાવી. માણેકનાથની ક્ષમા માગી અને તેમને માનપૂર્વક બીજે જગ્યા આપી. બીજા દિવસથી ચણતર નિર્વિઘ્ને ચાલ્યું. હાલ એલિસબ્રીજના પૂર્વ છેડે માણેકનાથનું સ્મારક છે.

૭, મુક્તાનંદ સોસાયટી, નર્મદાનગર-૩૯૨૦૧૫, જિ.ભરૂચ
મો.૯૬૬૨૦૫૮૨૪૩

॥ વિદ્યાવૃત્ત ॥

## ગો.જો.શારદા મંદિર (પ્રાથમિક વિભાગ)માં કારગીલ વિજય દિવસની ઉજવણી કરાઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો.શારદા મંદિર પ્રાથમિક વિભાગમાં તા.૨૬/૦૭/૨૦૨૧ના રોજ કારગીલ વિજય દિવસના ૨૨ વર્ષ પૂરા થતાં યુદ્ધમાં શહીદ થયેલા શૂરવીરોના બલિદાનોને યાદ કરતાં તે દિવસની ઉજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાની ૪૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને માર્ગદર્શક થર્ડ ઓફિસર રેશ્મા પરમાર તથા મુ.શિક્ષિકા જિગીશા શાહે અભિનંદન પાઠવ્યા હતા.


ISSN 0976 – 9609

## વાચનની વૃત્તિ કેળવવી પડે છે

**પુરુષોત્તમ ગ. માવળંકર**

માણસમાં વિચાર કરવાની ક્ષમતા છે, પણ તેથી કાંઈ દરેક માણસ વિચાર કરે જ છે એવું નથી.

વિચાર કરવામાં વાચન સહાયક નીવડે છે. પણ વિચારશીલ માણસ માટે વાચન અનિવાર્ય જ છે, એવું યે નથી. અનેક સ્ત્રી-પુરુષો વાંચી નથી શકતા, છતાં તેઓ વિચારી તો શકે જ છે. તેમ છતાં, અંતઃપ્રેરણાથી વિચાર કરનારા એવા ઓછા જ રહેવાના. વાચનથી આપણને અનેક વિચારબિંદુઓ મળે છે, આપણી માહિતી વધે છે, જીવન વિશેની આપણી સમજણને વાચન વધારે છે. જીવનની વિવિધ સમસ્યાઓ કેવી રીતે ઉકેલી શકાય છે, એ વિશેનું અનુભવામૃત આપણે વાચન દ્વારા પામીએ છીએ. જેમ આંખો છે એટલે જોવા જેવું સારું બધું જોવાય જ છે, એવું નથી, તેમ વાંચતા આવડે છે તેથી વાંચવું જોઈતું સઘળું વંચાય જ છે, એવું નથી. અનેક માણસો આખી જિંદગી ભાગ્યે જ કશુંક નક્કર ને નોંધપાત્ર વાચન કરતા હોય છે. વાચનની વૃત્તિ એ દરેક માણસની કુદરતી પ્રક્રિયા નથી, એને કેળવવી પડે છે. આ બાબત અભ્યાસની છે, પ્રયત્નપૂર્વક કરતા રહેવાના વ્યવહારની છે. વાચનની ટેવ નાનપણથી પડવી જોઈએ, મા-બાપોએ અને શિક્ષકોએ તે પાડવી જોઈએ.

અઢળક વાચનસામગ્રી નજર સામે આવે ત્યારે જે કાંઈ જોયું તે બધું વાંચ્યું-એવું નહીં ચાલે. વિસ્તૃત સામગ્રીમાંથી કામનું, આહ્‌લાદનું અને પ્રેરણાપાન માટેનું વાચન શોધી કાઢતાં આપણે શીખવાનું છે. જેમજેમ આપણું વાચન વધતું જાય તેમતેમ શું શું અવશ્ય વાંચવા જેવું છે અને શું શું ન વાંચવા જેવું છે તેની આપણને ખબર પડવા લાગે છે. કેવળ બહુ વાંચી નાખવાથી જ કોઈનું કલ્યાણ થયું નથી. વાચન આત્મસાત થાય તે પણ અગત્યનું છે. જે જે વાંચ્યું તેમાંથી કયું ગ્રહણ કરવા લાયક છે, એ નક્કી કરતા શીખવાનું છે.

થોડા સમયમાં વધુ વાંચી લેવાની ટેવ ધીરેધીરે અને કષ્ટપૂર્વક પણ પાડવી જોઈએ. ઝડપથી વાંચવું એટલે ગબડાવવું, એમ નહીં! નજર સડસડાટ ફેરવતાં આવડવું જોઈએ, તેમ તેને યોગ્ય મુદ્દા પર રોકતાં પણ આવડવું જોઈએ. વાંચતાં વાંચતાં કયું તરત ભૂલી જવા જેવું છે એની પણ સૂઝ કેળવવાની છે.

સરસ પુસ્તકો વસાવતાં રહેવું અને વાંચતાં રહેવું, એ દરેક સંસ્કારી સ્ત્રી-પુરુષનો આજીવન છંદ બની રહો!

(- 'અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર)

।। વિદ્યાવૃત્ત ।।

## સીવીએમ યુનિવર્સિટી અને ચારુતર વિદ્યામંડળ દ્વારા કોવિડ પોઝિટિવ દર્દીઓ માટે નિઃશુલ્ક ટિફિન સેવા

કોવિડ પોઝિટિવ દર્દીને હોમ આઇસોલેશનમાં રાખવામાં આવે ત્યારે તેના પરિવારજનો માટે ઘરની બહાર આવનજાવન પર તો પ્રતિબંધ લાગે જ છે સાથે જ શારીરિક અશક્તપણાને લીધે પોતાના માટે જમવાનું બનાવવાની સમસ્યા પણ વિકરાળ લાગે છે. આ વર્ષે એપ્રિલ અને મે માસમાં કોરોના વાયરસનું સંક્રમણ જ્યારે ચરમસીમા પર પહોંચ્યું હતું ત્યારે 'માનવસેવા એ જ પ્રભુસેવા' મંત્રને અનુસરતા સીવીએમ યુનિવર્સિટી અને ચારુતર વિદ્યામંડળે આણંદ, વિદ્યાનગર, કરમસદ, બાકરોલ અને લાંભવેલ સુધીના વિસ્તારમાં હોમ ક્વોરેંટાઇન થયેલા કોવિડ પોઝિટિવ દર્દીઓ અને તેમના પરિવારજનો માટે બપોરે અને સાંજે નિઃશુલ્ક ટિફિન સેવા પૂરી પાડવાનો સેવાયજ્ઞ આદર્યો. વર્તમાનપત્રો અને સોશ્યલ મીડિયામાં આ નિઃશુલ્ક ટિફિન સેવા વિષે જાહેરાત કરવામાં આવી અને કોવિડ પોઝિટિવ દર્દીને પોતાનો RTPCR રિપોર્ટ આપેલા નંબર પર વોટ્સએપ કરીને ઘરના સભ્યોની સંખ્યા નોંધાવવા જણાવાયું જેના પ્રતિસાદરૂપે ખૂબ મોટી સંખ્યામાં જરૂરતમંદ લોકોએ આ સેવાનો લાભ મેળવવા સંપર્ક કર્યો. ૨૪ એપ્રિલ ૨૦૨૧થી ૩૧ મે ૨૦૨૧ દરમ્યાન આશરે દોઢસોથી વધુ કુટુંબોએ આ સેવાયજ્ઞનો લાભ મેળવ્યો જે અંતર્ગત સાડા પાંચ હજારથી વધુ ટિફિનનું વિતરણ કરવામાં આવ્યું. પરમાર્થની આ કામગીરીમાં સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થાઓ અને ચારુતર વિદ્યામંડળ સંચાલિત સંસ્થાઓના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમજ ચારુતર વિદ્યામંડળ કાર્યાલયના કર્મચારીઓએ ઉત્સાહભેર શ્રમદાન કર્યું હતું. લાભાર્થી દર્દીઓ અને તેમના પરિવારજનોએ આ સેવાકાર્યની પ્રશંસા કરીને આભાર પ્રગટ કર્યો હતો. ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી એજિનિયર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મનિષભાઈ પટેલ, સેક્રેટરી શ્રી ડો. એસ. જી. પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ પટેલ, શ્રી રમેશ તલાટી અને સીવીએમ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો. (ડો.) પી. એમ. ઉદાણીએ આ સેવાયજ્ઞમાં ઉત્સાહભેર પોતાનું યોગદાન આપનાર તમામ કર્મચારીઓની નિઃસ્વાર્થ સેવાવૃત્તિની પ્રશંસા કરી તેમને બિરદાવ્યા હતા.

।। પુસ્તક સમીક્ષા।।

## સંવેદના અને સમજણ મઢ્યું સ્મૃતિગાન

**(જિંદગીના સ્ક્રીનશોટ્સ-રવજી ગાબાણી)**

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

ગુજરાતી સાહિત્યમાં સ્મરણચિત્રોના સંગ્રહોનું પગેરું કાકાસાહેબ સુધી લઈ જાય, રસિક ઝવેરી, જયંત પાઠક, ઉશનસ્, ચંદ્રકાન્ત શેઠ જેવા સર્જકો પાસેથી એ કેડી સમૃદ્ધ બનાવ્યાના પુરાવા પણ મળ્યા છે. 'જિંદગીના screenshots' એ સરકારી અધિકારીશ્રી રવજી ગાબાણી કૃત સ્મૃતિકથા છે. આ સ્મૃતિસંચયની વિશેષતા એ છે કે અહીં ગ્રંથસ્થ સામગ્રી સાચી અનુભૂતિનો પ્રતિઘોષ છે. એટલે રણકાદાર શબ્દ કાન દ્વારા હૃદય સોંસરવો પ્રવેશે છે. આ પુસ્તકમાં ત્રણેક ડઝન સ્મૃતિચિત્રો છે-પ્રત્યેક ચિત્ર એમના લોહીના લયમાંથી ઘડાયું છે, એની પ્રત્યેક મજ્જાઓમાં અનુભૂતિની સચ્ચાઈ છે અને બાળવયની નિર્દોષતામાં થયેલો દુનિયાદારીનો પરિચય પુનઃ એ વયના બનીને આલેખ્યો છે એટલે એમાં દાંભિકતા અને કૃત્રિમતાને અવકાશ રહ્યો નથી. સરેરાશ લેખનમાં ગામડાની અસલિયતનો પરિચય છે. સંવેદના-મઢ્યો વિનિયોગ છે. ઘર, ખેતર, ભેંસ, સંબંધો સાથે લેખકની સંવેદના જે રીતે સંયોજાઈ છે-એવો જ પરિચય લેખકને થાય છે. એમાં જ લેખનની ખૂબી છે. ગ્રામજનોની ઉદારતા, અભાવમાંય ભાવપૂર્ણ જિંદગી, ગામનાં મૂલ્યો એક સાથે બહાર આવે છે-એકેય લેખ શુષ્ક નથી. રસપૂર્ણ હોઈ સ-રસ છે. લાભુ-ગાંડો કેવળ લેખકનો જ નહીં, આપણો આત્મીયજન બને છે. વીસેક જેટલા લેખો બાળપણ-કિશોરાવસ્થાને લગતા છે, જ્યારે તે પછીના સમયના પંદરેક લેખો છે. તમામે તમામ લેખોમાં જીવનમૂલ્યોને ઉજાગર કરતી સ્મરણયાત્રા રસપ્રદ રીતે કહેવાઈ છે. 'ઋણાનુબંધ' સ્મરણકથામાં ત્રણ વેતર દોહેલી ભેંસને વેચવાની વાત હૈયું વલોવી નાખે છે, એ વેચાઈ ગયેલી ભેંસની અખંડ આત્મીયતા-'મને જોઈને એ રણકવા લાગી, ઠેકડા મારવા લાગી, રણકીને કાલાવાલા કરવા લાગી' લેખક પ્રગટ કરે છે. અહીં કેવળ લેખકની જ નહિ, અબોલ પશુની સંવેદના પણ ધારદાર અભિવ્યક્તિ પામી છે. 'પરભાત બાજુ'ના જીવનકર્મનો ઉજાસ આપણને આંજી નાખે છે.

'નવી રીતનો વહીવટ' એ સાંપ્રત અધિકારીઓને નવી દિશા આપનારો છે. બી.પી.એલ. પરિવારોને સાચા અર્થમાં સહાયરૂપ થવાની કેડી લેખકે બનાવી આપી છે. રીનલ મોજીદ્રાના પપ્પાના મરણનો દાખલો કાઢી આપી એક જાગૃત અને સંવેદનશીલ અધિકારીએ એમ.સી.એ. ગોલ્ડ મેડલ સુધી રીનલને પહોંચાડી એક હોલવાઈ જતા દીવામાં ઘીની પૂર્તિ કરી છે. નિવૃત્ત શિક્ષકને એરિયર્સ વગર લાંચે અપાવવું એ ઘટના ભલે નાની લાગે પણ એ સદ્કૃત્યો સમાજને સુસંસ્કારની કેડી ચિંધે છે. કદરદાનીના અભાવમાં અને ઉપેક્ષાના પ્રભાવમાં અણઘડ નવઘણમાંથી ઊડી ગયેલો શિક્ષક આત્મા પુનઃ જાગૃત કરી આપવાનું શ્રેય પણ લેખકને જાય છે, બીજી બાજુ, 'બળેવ' અને 'નવરાત્રિ' જેવા માણેલા તહેવારોનું આલેખન રસપ્રદ કરનારા આ લેખકનું ઘડતર 'દર્શક'ને છાંયડે થયું છે. તેની વાત 'મારું પ્રેરણાતીર્થ'માં વ્યક્ત થઈ છે. લેખકે નોકરી દરમિયાન તેમને સ્પર્શી ગયેલા પ્રસંગોમાં તેમણે હૈયા ઉકલતથી જે પ્રકારની સંવેદના વ્યક્ત કરી છે તેનો અહીં સંવેદનસભર આલેખ છે. સ્વાનુભવો તો ખરા જ, સ્વાનુભૂતિથી અહીં કથા છે, તે નોંધવું જોઈએ. ગાંધીમૂલ્યોને વરેલા લેખક સરકારી અધિકારી હોવા છતાં, તેમનામાં ગાંધીમૂલ્યો હેમખેમ રહેવા પામ્યાં છે, તે જ આ પુસ્તકોમાં પ્રગટ્યાં છે એની સિદ્ધિ છે.

તમામ લેખો એક જ બેઠકે વાંચી શકાય એવી સુવાચ્ય અને અસરકારક ભાષામાં પ્રગટ થયાં છે-તેમાં સકારાત્મક ઊર્જાનો સ્રોત વહે છે. શ્રેયસ્કર ભાવનાની સરવાણી વહે છે. સંવેદનાને સ્પર્શી જતી-હૃદયને ઓગાળી નાખતી વાણી છે. પ્રસ્તુત પુસ્તક રવજીભાઈની આત્મગાથા નથી પણ તેમની કર્મઠતા અને સમાજભાવનાને પ્રગટાવતી સ્મરણકથા છે. અનુભૂતિનો આલેખ છે... નાના માણસોમાં રહેલી માણસાઈને અધિકારી ઓળખી શક્યા છે. તેમાં મોટા માણસની મોટાઈ છે, લેખકને અભિનંદન આપી, પ્રેરણાત્મક પ્રસાદીને સમાજને ઉપકારક બનાવવાનું શ્રેય પણ આપું છું. સાથે સાથે તેના પ્રકાશક ઝેડ સી એ ડી પબ્લિકેશનના માલિક મનીષભાઈની સૂઝબૂઝની પણ સાનંદ નોંધ લઉં છું.

'ગ્રેસ' બંગલો, પ્લોટ નં.૮૬૫, મનીષ કોર્નર પાછળ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧ ૧૨૦. મો.૯૮૭૯૫ ૨૩૨૭૬


ISSN 0976 – 9609

॥ લઘુકથા ॥

## વચ્ચે

ગિરિમા ઘારેખાન

સંધ્યા વિચારતી હતી–રચના વચ્ચે ન આવી હતી ત્યાં સુધી બધું જ કેવું બરાબર ગોઠવાયેલું હતું! એના અને મયંકના લગ્ન જીવનની ગાડી એકદમ પાટા ઉપર ચાલી રહી હતી. એ પોતે એક સંપૂર્ણ ગૃહિણી હતી–મયંકના શબ્દોમાં 'પરફેક્ટ હોમમેકર.' એમાં બધું જ આવી જતું હતું. એ એના બે બાળકો માટે એક સરસ મા હતી અને મયંક માટે એક આદર્શ પત્ની પણ. હા, બાળકો મોટા થયાં પછી એમને માટેની એની જવાબદારીઓ થોડી વધતી ગઈ હતી અને મયંક તરફ ધ્યાન અપાતું થોડું ઓછું થઈ ગયું હતું. એ કારણ હોય કે પછી લમણામાં દેખાવા માંડેલા બે-ચાર સફેદ વાળનું કારણ હોય-ગમે તે હોય પણ એના આદર્શ લગ્ન જીવનની ગાડીની સામે મયંકની સેક્રેટરી રચના આવીને ઊભી રહી ગઈ હતી. ગાડીને અચાનક બ્રેક લાગી ગઈ હતી. સંધ્યા ગાડીને ધક્કા મારીને આગળ વધારવા પ્રયત્ન કરતી હતી પણ બેલેન્સ નહોતું રહેતું.

છેવટે સંધ્યાએ અલગ રહેવા જવાની માગણી કરી ત્યારે મયંકે ખાસ વિરોધ ન નોંધાવ્યો. એનો પ્રતિભાવ એવો હતો જાણે આવું કંઈક થશે એવું એણે વિચારેલું જ હોય. પણ સંધ્યાની સાથે બાળકોએ પણ પોતાના કપડા બેગમાં ભરવા માંડ્યા ત્યારે મયંકથી ન રહેવાયું. એ બાળકોને પોતાનાથી દૂર કરવા તૈયાર ન હતો. એણે રચનાને છોડી દેવાનું પ્રોમિસ આપી દીધું અને પાળ્યું પણ. રચનાએ એની ઓફિસમાંથી રાજીનામું આપી દીધું.

થોડા દિવસ પછી સંધ્યા એક બસ સ્ટેન્ડ ઉપર બસની રાહ જોઈને ઊભી હતી ત્યારે એણે થોડે આગળ ઊભેલી રચનાને કોઈ સાથે ફોન ઉપર વાત કરતી સાંભળી. 'બધું બરાબર ગોઠવાઈ ગયું હતું. છેલ્લી ઘડીએ એના બાળકો વચ્ચે આવી ગયાં.'

સંધ્યા વિચારતી હતી, 'પોતાને લાગતું હતું કે રચના વચ્ચે આવી ગઈ હતી, મયંક અને રચના માટે બાળકો વચ્ચે આવી ગયાં હતાં. એનું સ્થાન વચ્ચે આવવા પૂરતું પણ ન હતું?'

૧૦, ઈશાન બંગલોઝ, સુરધારા-સતાધાર રોડ, થલતેજ,
અમદાવાદ-૩૮૦૦૫૪. મો.૮૯૮૦૨૦૫૯૦૯

॥ વિદ્યાવૃત્ત ॥

## ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી. વી. પટેલ હાયર સેકન્ડરીમાં ૨૬મી જુલાઈ ૧૯૯૯, કારગીલ વિજય દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી. પટેલ હાયર સેકન્ડરીમાં ૨૬મી જુલાઈ ૧૯૯૯ કારગીલ વિજય દિવસની ઉજવણીનો કાર્યક્રમ પ્રિ.વિજયકુમાર સુથારના માર્ગદર્શન હેઠળ શાળાના એન.સી.સી. ઓફિસર લેફ. રાજેન્દ્રસિંહ ઝાલા અને લેડી ઓફિસર શ્રીમતી અંકિતાબેન પટેલ દ્વારા ૧૩-ગુજરાત બટાલિયન, એન.સી.સી. વલ્લભ વિદ્યાનગરના સહયોગથી શાળાના સભાખંડમાં પ્રિ.સુથાર સાહેબના અધ્યક્ષસ્થાને, ૧૩-ગુજરાત બટાલિયન એન.સી.સી. ઓફિસર શ્રીમાન સુરીન્દરસિંઘજીના મુખ્ય અતિથિપદે તેમજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી વિક્રમ મંડોરિયાના વિશેષ અતિથિપદે, જેઓનું બી.એસ.એફ.માં પોસ્ટિંગ હાલ કાશ્મીર-બાંદીપુરા સેક્ટરમાં છે તેઓની રજા મંજૂર થતા પોતાના માદરે વતન સુરેન્દ્રનગર આવ્યા હતા અને આજે શાળાની મુલાકાતે હોવાથી કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા પ્રિ.વિજયકુમાર સુથાર સાહેબે કારગીલ વિજય દિવસને ભારતીય સૈન્યની ઐતિહાસિક જીત અને સૈનિકોના અપ્રતિમ સાહસનો સાક્ષાત્કાર ગણાવ્યો અને માતૃભૂમિની રક્ષા કાજે શહીદ થયેલા સૈનિકોને યાદ કરી મૌન પળાવ્યું હતું. મુખ્ય અતિથિ શ્રીમાન સુરીન્દરસિંઘજીએ ૪ જુલાઈ ૧૯૯૯એ શરૂ થયેલા અને ૨૬ જુલાઈ ૧૯૯૯એ ભારતીય સેનાએ ગૌરવપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો એ સમગ્ર કારગીલ યુદ્ધની શાબ્દિક ઝાંખી પ્રસ્તુત કરી ઉપસ્થિત સૌ એન. સી.સી. કેડેટ્સને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાકીય ઉજવણી કાર્યક્રમના અંતે એન.સી.સી. ઓફિસર લેફ. આર.બી. ઝાલાએ આભારદર્શન કર્યું અને ત્યારબાદ સૌ એન.સી.સી. કેડેટ્સ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પતા અને કારગીલ યુદ્ધના સ્વહસ્તે તૈયાર કરેલા પ્લેકાર્ડ હાથમાં લઇ રેલી સ્વરૂપે શાળા પરિસરથી પ્રસ્થાન કરી સી.વી.એમ. ઓફિસ પહોંચ્યા જ્યાં સી.વી.એમ.ના માનદ મંત્રી ડો.એસ.જી. પટેલ સાહેબ અને સહમંત્રી પ્રિ.આર.સી. તલાટી સાહેબે સૌને આવકાર્યા અને પ્રસંગોચિત સંબોધન કર્યું અને એન.સી.સી.માં જોડાઈને રાષ્ટ્રપ્રેમ અને દેશસેવાની ઉમદા ભાવના જાગૃત કરવા બદલ આયોજકો અને એન.સી.સી. કેડેટ્સને વિશેષ અભિનંદન પાઠવ્યા હતા.

## સંવેદના

**ટીના સંઘવી**

મોબાઈલની રીંગ વાગી સવારના સાત વાગ્યા હતા. તેથી મનમાં વિચાર આવ્યો કે આટલો વહેલો કોનો ફોન હશે? સ્ક્રીન ઉપર નજર કરી તો નીલાનો ફોન હતો. નીલા મારી ખાસ મિત્ર છે અને બેંકમાં નોકરી કરે છે. હું મોબાઈલ ફોન ઉપાડીને ખબર-અંતર પૂછું તે પહેલા જ તેણી બોલી તને Disturb તો નથી કરીને! ના. એવું કાંઈ નથી. બોલને કેમ છે? તારી નોકરી કેવી ચાલે છે? સામે છેડેથી મોટી નિસાસો સંભળાયો. શું કહું આ કોરોના કાળમાં તો હવે માનસિક સંતુલન પણ નબળું પડી ગયું છે. તું તો જાણે જ છે કે આ પરિસ્થિતિમાં બેંકના કર્મચારીને ક્યારે પણ રજા નથી મળી. કદાચ એવું કહી શકાય કે લોકડાઉનમાં પણ અમે લોકોએ સતત કાર્ય ચાલુ જ રાખ્યું છે. બેંકિંગ સેવામાં પણ કર્મચારીઓને મનમાં સતત સંક્રમણનો ભય સતાવતો હતો અને સતાવે છે. બેંકના કર્મચારીઓએ પોતાની જાનના જોખમે સમાજની સેવા કરી છે. હા, એ વાત ખરી કે બેંકના મેનેજર તેમના કર્મચારીઓનું ધ્યાન રાખે છે. અને વૈકલ્પિક દિવસે કાર્ય પર જવું તેવા પગલાં પણ લેવામાં આવ્યા હતાં. પરંતુ તેમાં પણ ખાતેદારોની ભીડ વધી જતી હતી અને કર્મચારી ઉપર કાર્યભાર વધતો હતો. નીલા સતત બોલતી જ રહી તેના કહેવા પ્રમાણે કેટલીક વાર તો એવી પરિસ્થિતિ આવી જતી હતી કે જમવાનો સમય જ નહોતો મળતો. બપોરનું ભોજન સાંજે પાંચ વાગે લેતા હતા. તેમ છતાં પણ ખાતેદારો આવું જ કહેતા કે, ''આ કોઈ જમવાનો સમય છે? પહેલા અમારું કામ કરી આપો.'' પછી પાછો નીલાએ એક ઊંડો નિસાસો નાખ્યો અને બોલી, ''ચાલ ફરી મળીએ.'' અને એમ કહીને તેણીએ મોબાઈલ કાપી નાખ્યો.

બેંકના કર્મચારીઓએ આ કપરી પરિસ્થિતિમાં સમાજ માટે સમાજ વચ્ચે રહીને સતત કાર્ય કર્યું છે. બેંકની સેવા દેશની આર્થિક વ્યવસ્થાનું સંચાલન કરે છે તથા સાથે દેશમાં નાણાકીય લેવડ-દેવડનું જે મહત્ત્વનું પાસું છે, તેને કાર્યરત રાખે છે. સાથે સમાજને નાણાકીય વ્યવહાર પૂરો પાડીને ખાતેદારોને પોતાના આર્થિક કાર્યોમાં મદદરૂપ થાય છે.

ચેકબુક, પાસબુક અને પેન જેમની સેવાના સાધનો છે તેવા બેન્કના કર્મચારીઓને મારા નતમસ્તક સલામ...

મો.૯૮૯૮૧ ૪૨૧૪૮

।। વિદ્યાવૃત્ત ।।

## ગો. જો. શારદા મંદિર (ચારુતર વિદ્યા મંડળ સંચાલિત) એ જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠશાળાનો એવોર્ડ પ્રાપ્ત કર્યો

કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગર તથા આણંદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, આણંદ આયોજિત શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન વર્ષ-૨૦૨૦-૨૧માં ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદા મંદિર, વલ્લભ વિદ્યાનગર જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે ઊપસી આવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામવા બદલ કમિશ્નર શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી પુરસ્કારરૂપે રૂા. ૧,૦૦,૦૦૦/- (એકે રૂપિયા એક લાખ પૂરા) પ્રોત્સાહક પુરસ્કાર આપવામાં આવેલ છે. ૨૦૦૭-૦૮ અને ૨૦૧૩-૧૪માં પણ શાળાએ શ્રેષ્ઠ શાળા પુરસ્કાર મેળવેલ છે.

શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકનમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને ડાયેટ વલાસણના પ્રતિનિધિઓ દ્વારા થર્ડ પાર્ટી મૂલ્યાંકન કરવામાં આવેલ હતું. ત્રણેય કચેરીના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી શ્રી જી. ડી. પટેલ સાહેબ, પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી નિવેદિતાબેન ચૌધરી, ડાયેટ પ્રાચાર્ય ડો. હિતેશભાઈ એન. દવે, ઈઆઈ શ્રી હેમંતભાઈ કા. પટેલ વગેરેએ શાળાને અભિનંદન પાઠવ્યા છે. તથા ભણતરની સાથે દીકરીઓના સર્વાંગી વિકાસ માટે શાળાએ સર્જેલા ભાવાવરણની હાર્દિક નોંધ લીધી છે.

જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે ઊપસી આવવા બદલ નિષ્ઠાવાન આચાર્ય રીટાબેન પટેલ અને સ્ટાફમિત્રોના સહિયારા પુરુષાર્થને બિરદાવતાં ચા. વિ. મંડળના ચેરમેનશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, માનદ મંત્રીશ્રી ડો. એસ. જી. પટેલ, ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ, સહમંત્રીશ્રી વિશાલભાઈ પટેલ તથા ચા. વિ. મંડળના અન્ય પદાધિકારોઓએ અભિનંદન પાઠવ્યા છે તથા હરહંમેશ શ્રેષ્ઠતા તરફ ગતિશીલ રહેવા સંનિષ્ઠ પ્રયાસો શાળા અવિરતપણે કરતી રહે તે માટે ચા. વિ. મંડળનો સતત સહકાર પ્રાપ્ત થતો રહેશે તેવી ખાત્રી આપી છે.

 ISSN 0976 – 9609

# A. R. College of Pharmacy & G. H. Patel Institute of Pharmacy, Vallabh Vidyanagar

**Dr. Jolly R. Parikh**

## Introduction:

A. R. College of Pharmacy & G. H. Patel Institute of Pharmacy (ARGH) is one of the oldest and finest pharmacy institutes in Gujarat, providing quality education in the field of pharmacy since 1981. To meet the needs of pharmaceutical industries in Gujarat and beyond Charutar Vidya Mandal (CVM) established ARGH with the generous donation of an eminent industrialist Smt. Anjanaben Ashokbhai Shah (in the name of Shri Ashok Ramanlal Shah) and an eminent philanthropist Shri Gordhanbhai Hathibhai Patel.

## Our Vision:

Our vision is to grow into mega with resolution of becoming autonomous in the field of Pharmaceutical Education and to have intense interaction globally with the leading pharmaceutical industry with the vision of problem-solving and to be deeply interactive in innovations for integrating various medical disciplines going in-depth especially of the Indian Medical System.

## Our Mission:

Our mission is to contribute to the growth of our nation by providing quality training in Pharmacy so as to groom the new generation to be professionals, technologists, conscious researchers and good citizens for the socio-economical development of our society and to become the leader in Pharmaceutical Education.

## Programmes Offered at the institute:

The institute offers programmes from Diploma in Pharmacy to Ph. D in pharmaceutical sciences, the detailed list of programmes are as under.

| Programme | Year of Establishment | Intake | Duration |
|---|---|---|---|
| Diploma in Pharmacy (D. Pharm.) | 1981 | 60 | 2 years |
| Bachelor in Pharmacy (B. Pharm.) | 1982 | 60 | 4 years (8 semesters) |
| Master of Pharmacy (M. Pharm) | | | |
| Pharmaceutical Quality Assurance | 1999 | 15 | 2 years (4 semesters) |
| Pharmaceutics | 2004 | 15 | 2 years (4 semesters) |
| Pharmacy Practice | 2005 | 09 | 2 years (4 semesters) |
| Pharmacognosy | 2005 | 09 | 2 years (4 semesters) |
| Pharmacology | 2008 | 09 | 2 years (4 semesters) |
| Pharmaceutical Chemistry | 2010 | 15 | 2 years (4 semesters) |
| Ph. D Pharmaceutical Science | 1989 | 5 to 8 seats under each supervisor | |

## Affiliations, Approvals and Accreditation

Since its inception, the institute was affiliated with Sardar Patel University, Vallabh Vidyanagar. Later from the year 2008 it was affiliated with Gujarat Technological University (GTU), Ahmedabad; as the Government of Gujarat established GTU in the year 2007. This institute is approved by the Pharmacy Council of India (PCI) and the All India Council of Technical Education (AICTE), New Delhi. The B. Pharm course has been accredited twice by the National Board of Accreditation (NBA). Recently it has been inducted as a constituent college of CVM University from June 2021.

## Enriched Infrastructure and Facilities at ARGH:

**Digital Classroom:**
All the classrooms are fitted with LCD projectors to facilitate IT-enabled teaching-learning process. In addition to the chalk and talk method of teaching, the faculty members are frequently using the IT-enabled learning tools, to expose the students to advanced knowledge and practical learning.

**Laboratories and Research Facilities:**
To impart strong practical exposure to the students all the departments of this institute have modern equipment as prescribed by various regulatory bodies. The institute has state-of-the-art research laboratories to facilitate research activities and encourage PG students, Ph D scholars and faculties to engage in addressing current research challenges.

**Library:**
The library of this institute (Vasantiben Chandubhai Patel Pharmacy College Library) incessantly upgrades its collection and keep up-to-date on the ever-expanding knowledge base. The library collection comprises 17397 books. The library contains the latest editions of different Pharmacopeia like Indian Pharmacopeia, British Pharmacopeia, United State Pharmacopeia, Herbal Pharmacopeia etc. With the objective of holistic development of learners the library also contains books on management, accountancy, mathematics, books for different competitive exams and books for personality development. The institute library also offers the facility of a digital library through DELNET. Adjacent to the library a separate well-lit spacious reading room is available for students. A state-of-the-art integrated library management software SOUL is used for the housekeeping operations in the library.

**Computer Lab:**
Air-conditioned computer laboratory is available in college. The computer laboratory is equipped with the most advanced systems (more than 40 systems). In the twenty-first century, internet access is a must for everyone in several facets of life. Recognizing the importance of technology in today's society, particularly in education, the institute is well-equipped with cutting-edge ICT to serve its students and staff members. Several Wi-Fi routers have been installed to provide secure network access points for the entire campus.

**Herbal Garden:**
Adapting to the changing trends in the field of medicinal plants, the institute maintains a Herbal Garden with numerous species of


ISSN 0976 – 9609

medicinal plants. The students get a real understanding regarding the identification of different medicinal plants and herbs, along with their cultivation and collection techniques.

**Animal House:**

An independent, air-conditioned animal house is available at the institute. The animal house consists of six rooms, three on either side with a corridor in-between. Separate rooms are provided for housing different species of animals, for quarantine of animals, for carrying out experimental work and for storage of food pellets and bedding material. It is registered (Reg. No. 365/Go/Re/S/01/CPCSEA) with the Committee for the Purpose of Supervision and Control of Experiments on Animals (CPCSEA).As per the guideline of CPCSEA, Govt. of India, Institutional Animals Ethics Committee (IAEC) has been framed which guides the institution, teachers and research scholars regarding facilities, practices and improvements in animal use and care.

**Sports Facility:**

The institute provides its students with a state of art facilities for both indoor and outdoor sports activities. Shastri Maidan – a well-maintained ground where students can play all outdoor games like football, cricket, volleyball etc. Apart from outdoor several indoor games, such as table tennis, carrom, chess etc. are also facilitated by the institute.

**Hostel Facility:**

The institute provides separate hostels for girls and boys within the campus. Hostels rooms are spacious and well maintained.

## Highly Qualified & Well Experienced Faculty:

The greatest asset of the institute is its highly qualified, experienced and research-oriented faculty team. Out of the total of nineteen faculties twelve are having Ph. D degree and others are perusing their Ph. D. The faculty team comprises outstanding educators and researchers who are relentlessly contributing towards the overall professional and personal growth of the students.

## Innovation and Research:

Since its inception the institute has promoted the research culture among faculties and students. The enthusiastic faculty members along with students and Ph. D scholars are actively involved in research activity. Faculties of this institute have published their research work in various UGC approved CARE listed journals. Faculties and students of this institute have fetched research grants worth more than rupees one crore from different funding agencies like AICTE, GUJCOST, DST, SSIP etc.

## Counselling and Mentoring:

The institute believes that each student entering the institute is unique, and only with proper guidance and support he/she can be transformed into a successful professional. To exercise this every student admitted to the institute is assigned a faculty member as his/hermentor.

## Training and Placement:

There is a dedicated Training & Placement Cell, which take care of all the Training and Placement related activities. All the students at diploma and degree level are given

adequate practical training at hospitals/community pharmacy and pharmaceutical industries respectively. A record of 100% placement has been achieved for eligible and interested students for many years. For the academic year, 2019-20 highest package offered was 3.2 Lacs by Flipkart India Pvt. Ltd. for B. Pharm students and 3.07 Lacs by APCER Life Sciences India for M. Pharm students.

## Co-curricular Activities:

The institute believes education cannot be complete without the co-curricular activities which facilitate the development of various domains of mind and personality whether it is intellectual, emotional, social or moral. Thus, this institute organizes different events such as Independence Day celebration, Teachers' Day celebration, Garba night etc. 'SPARK' a three-day-long celebration comprises of various events like extempore, Ad enactment, youth assembly etc. provides a platform to the students to showcase their talents and unleash their potential to the highest degree.

## College Magazine:

The institute publishes a college magazine 'SPANDAN' every year to encourage creativity in students and staff members. This magazine contains articles, poems, short stories, and paintings etc. which are contributed by the students and staff members of the institute.

## Commitment to Society:

The institute recognizes its social responsibilities and has provided for its varied needs on a regular basis. The institute organizes blood donation camps, free health checkup camps, tree plantation activities etc. regularly. Along with faculty members, students are also actively participating in such activities which make students aware of their responsibility toward the society and this, in turn; make them responsible citizens of future.

---

Principal, A. R. College of Pharmacy & G. H. Patel Institute of Pharmacy, Vallabh Vidyanagar

॥ વિદ્યાવૃત્ત ॥

## સીવીએમ યુનિવર્સિટીની ADIT કોલેજ સમગ્ર ગુજરાત GSIRF રેન્કિંગમાં ફોર સ્ટાર સાથે સાતમા ક્રમે

સીવીએમ યુનિવર્સિટીની ન્યુ વિદ્યાનગર સ્થિત એડીઆઇટી એન્જિનિયરિંગ કોલેજ ગુજરાત સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (GSIRF)-2021 રેન્કિંગ માં 3.2 CGPA અને 4 સ્ટાર રેટિંગ સાથે સમગ્ર ગુજરાતમાં એન્જિનિયરિંગ કોલેજની કેટેગરીમાં સાતમું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

વર્લ્ડ ક્લાસ ઇન્સ્ટિટ્યૂશનલ સ્થાપવાના સરકારના પ્રયત્નોના ભાગરૂપે નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) અને ઇન્ડિયન સેન્ટર ફોર એકેડેમિક રેન્કિંગ એન્ડ એક્સલન્સ (ICARE) સંયુક્ત અને પારદર્શક રીતે રેન્કિંગ બહાર પડતું હોય છે. આ ઓડિટમાં કોલેજના વિવિધ પાસાંઓ જેવાં કે ઓવરઓલ ફેસેલિટી, શિક્ષણનું સ્તર, ટીચિંગ પ્રોસેસ, રિસર્ચ ક્ષેત્રે કામગીરી, શિક્ષકોની લાયકાત વગેરેની પારદર્શક રીતે ચકાસણી કરવામાં આવે છે. અને આ બેન્ચમાર્ક હેઠળ GSIRFએ ૨૦૨૧ના વર્ષ માટેનું રેન્કિંગ લિસ્ટ બહાર પાડ્યું છે, જેમાં ચારુતર વિદ્યામંડળની એ.ડી.આઈ.ટી. કોલેજે સમગ્ર ગુજરાતમાં ૪ સ્ટાર સાથે સાતમું સ્થાન પ્રાપ્ત કરીને ચરોતર પ્રદેશનું, સીવીએમનું અને સીવીએમ યુનિવર્સિટીનું નામ રોશન કર્યું છે.

ADIT કોલેજના પ્રિન્સિપાલ ડો. વિશાલ સિંઘ, CVMના માનનીય અધ્યક્ષશ્રી ભીખુભાઈ પટેલ તથા તમામ હોદ્દેદારોએ એડીઆઈટી સ્ટાફ અને વિદ્યાર્થીઓને શુભેચ્છા સાથે અભિનંદન પાઠવ્યા હતા.


ISSN 0976 – 9609

# શિક્ષણસંસ્થામાં આયોજનનું મહત્ત્વ

**અશોક સોમપુરા**

શિક્ષણનો વિકાસ એ માનવ વિકાસની સાથે સાથે રાષ્ટ્રઘડતર અને તેની ઉન્નતિમાં ખૂબ જ ઉપયોગી અને અસરકારક ભાગ ભજવે છે. શિક્ષણનાં અનેકવિધ અંગો છે. તેનાં અનેક પાસાંઓ છે. આ બધાં જ અંગો મૂળભૂત રીતે ગુણવત્તાનું ધ્યાન રાખી કામ કરે તે કામો સવેળા પૂરા થાય તો તેની અસર લાંબેગાળે તેને સ્પર્શતા દરેક અંગોમાં ખૂબ સારી પડતી હોય છે. આજે તો કામ પૂરું થાય તેવી માનસિકતા અને ઉતાવળ થાય છે. તે જરૂરી છે પણ તે પૂરતું નથી. જે કામ તેની ગુણવત્તા સાથે સંપન્ન થાય તે પણ એટલું જ જરૂરી છે. આ માટે આવા કાર્યો ક્યારે? કેવી રીતે? કેટલા દિવસમાં? કયા સાધનો કે માનવશક્તિ સાથે પૂરા કરવાના છે તેનો આગોતરો વિચાર-વિમર્શ કરવો જરૂરી છે. આ બાબતને સાદી ભાષામાં આયોજન કે પ્લાનિંગ કહીએ તો તે ખોટું નથી.

આજે આયોજન કે પ્લાનિંગનો વિચાર ખૂબ ઓછો થાય છે. ઘણી સંસ્થાઓ, એકમો કે ક્યાંક સરકારી ખાતાઓમાં પણ આયોજનનો અભાવ ક્યારેક દેખાઈ આવતો હોય છે. આજે આયોજન કે પ્લાનિંગમાં કરવાના થતા કામોમાં આપણી શ્રદ્ધા અને ઉત્સાહ વધારીએ તે જરૂરી છે. આયોજન સાથે કામ પૂરું કરનારાઓને સફળતા મળે છે. શિક્ષણનો સાચો જીવ શિક્ષણ માટે વધારાના કામને ''બોજ'' ગણતો નથી.

આપણે વિદ્યાર્થી સુધી પહોંચવાનું છે. તે માટે આપણો નિત્ય સ્વાધ્યાય હોવો જોઈએ. તેની સાથે આપણે અનુબંધ કેળવી શકીએ તે જરૂરી છે. મહાન ચિંતક ખુસરોએ કહ્યું છે કે, દરિયાનું પાણી ચાખીએ તો તે ખારું લાગશે, પણ ઊંડા ઊતરીએ તો મોતી મળે છે. આથી વિદ્યાર્થી અને અંતે સારા નાગરિકના ઘડતરમાં આયોજન ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે.

શિક્ષણના વિવિધ અંગોની સફળતા માટેના આયોજનોના સ્વરૂપ, કદ અને તેની અનેકવિધ પદ્ધતિ જુદી જુદી હોઈ શકે છે. આને કેન્દ્રમાં રાખી થયેલા આયોજનથી સફળતા મળે છે.

શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જરૂરી આયોજન કરવામાં આવે તો વર્ષ દરમિયાન કામ કરવામાં સરળતા રહે છે. શિક્ષક સજાગ રહે છે. વિદ્યાર્થી પણ તેનાથી પ્રભાવિત થતો રહે છે. ભવિષ્યના કામની અગાઉથી જાણ હોવાથી વિદ્યાર્થી પોતે પણ અભ્યાસ, પરીક્ષા, ઈતર પ્રવૃત્તિઓ અને ઘરકામમાં પણ સ્પષ્ટ અને નિશ્ચિંત બને છે. સરળતાથી વિવિધ તૈયારી કરવામાં તેને અનુકૂળતા રહે છે.

આવા આયોજન બે પ્રકારનાં હોય છે. અંદરના અને બહારના. વિદ્યાર્થીની અંદર જે રહેલું છે, તેને પણ બહાર લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. વિદ્યાર્થી વધુ શીખે અને પોતાના વિચારો નિર્ભયપણે વ્યક્ત કરતો થાય તેવી પ્રવૃત્તિઓનું પણ આયોજનમાં સ્થાન હોવું જોઈએ. જો આવા કામમાં ભાવના ભળે તો સફળતાની મજબૂતાઈ વધે છે. આજે શિક્ષણમાં ચારેકોર અસંતોષ જોવા મળે છે ત્યારે કામ માટેની આયોજન સાથેની નિષ્ઠા આવો અસંતોષ દૂર કરી શકે છે.

અભ્યાસ અને ઘડતર સાથેના આયોજનમાં ઈતરપ્રવૃત્તિનો ફાળો પણ અગત્યનો છે. ઈતર પ્રવૃત્તિ એ વધારાની કે શિક્ષણ વગરની પ્રવૃત્તિ છે એવી માન્યતા રાખવી યોગ્ય નથી.

આયોજનનાં વિવિધ પાસાંની રૂપરેખા નીચે મુજબ હોઈ શકે.

**વિભાગ-એઃ શૈક્ષણિક કાર્ય**

૧. વર્ગખંડ શિક્ષણકાર્ય
૨. ઉચ્ચસિદ્ધિ માટેની તૈયારી
૩. પુસ્તકાલય
૪. પ્રયોગશાળા
૫. મૌલિકતાનો વિકાસ

**૧. વર્ગખંડ શિક્ષણઃ**

વર્ગખંડનું શિક્ષણ સહકારયુક્ત વાતાવરણમાં થાય. પાઠના અધ્યયન પછી કોઈ પ્રશ્નોત્તરી કે ચર્ચામાં વર્ગનો

દરેક વિદ્યાર્થી નિર્ભયપણે ભાગ લે તેમજ વિદ્યાર્થી વર્ગમાં કોઈપણ બાબતે અપમાનિત ન થાય. તાસના આયોજન વ્યવસ્થિત થાય તેની વિચારણા કરવી જોઈએ. તમામ વિષયના અભ્યાસક્રમનું આયોજન કરવું.

**૨. ઉચ્ચ સિદ્ધિ અભિગમ યોજનાઃ**

અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થીનો વિકાસ વધારે ગતિ પકડે તેનું આયોજન શાળાકક્ષાએ થવું જરૂરી છે. સાથે સાથે અભ્યાસમાં કચાશ ધરાવતા વિદ્યાર્થીઓની કચાશ દૂર કરવાની વિચારણા-વ્યવસ્થા આયોજનમાં થવી ઘટે. આ માટે દરેક વિષય શિક્ષક આવા અભ્યાસમાં કચાશ ધરાવતા વિદ્યાર્થીઓને પૂરતી દોરવણી આપે અને જરૂર પડે તો શાળા સમય પછી પણ વધારાના વર્ગનું આયોજન પણ થોડા દિવસ પૂરતું કરી શકાય. અભ્યાસક્રમના આયોજન વખતે આની વિચારણા થઈ શકે.

**૩. પુસ્તકાલયઃ**

શાળાના પુસ્તકાલયનો ઉપયોગ વિદ્યાર્થી દ્વારા ખૂબ ઓછો થતો અનુભવાય છે. શાળાકીય આયોજન વખતે દરેક વિદ્યાર્થીમાં પુસ્તકો માટે રસ-રુચિ વધે તેમજ તે અઠવાડિયે એકાદ-બે વખત પુસ્તકાલયની પણ મુલાકાત લે તેવી ગોઠવણી આયોજનમાં થાય તે જરૂરી છે. આમ થવાથી તેનામાં જ્ઞાન અને માહિતીનો વધારો થશે. તેની ભાષાશૈલી સમૃદ્ધ થશે. વાચનની ટેવ પડશે. પરિણામે ઘણીયે વખત પ્રશ્નો કે જુદી જુદી સમસ્યા વખતે તે પોતાના વિચારો રજૂ કરવાની ક્ષમતા કેળવી શકશે. આ શૈક્ષણિક કાર્યનો જ એક ભાગ છે.

**૪. પ્રયોગશાળાઃ**

પ્રયોગશાળામાં વિદ્યાર્થી સક્રિય રહે તેવું આયોજન જરૂરી છે. પ્રયોગને લગતા સંદર્ભગ્રંથો અને પુસ્તકો હાથવગા રાખી શકાય. પ્રયોગશાળામાં સાધનોની ગોઠવણી સરળ હોવી જોઈએ. સાધનો તેજ ગતિથી સહજ રીતે મળવા જોઈએ. જે તે પ્રયોગના દિવસે, એ એ જ સમયે તેની ગણતરી, તેના ગ્રાફ કે ક્યારેક સરકીટકાર્ય પૂરા કરવા જોઈએ. મહિનામાં એકાદ વખત વિજ્ઞાન શિક્ષકની સભા યોજી કાર્યનું અવલોકન તેમજ તેમાં કયા સુધારા-વધારાને અવકાશ છે, તે નક્કી કરી શકાય.

**૫. મૌલિકતાનો વિકાસઃ**

વિદ્યાર્થીમાં મૌલિકતાનો વિકાસ થાય તે માટે સમયાંતરે નિબંધ સ્પર્ધા કે ચિટ્ઠી ચર્ચાનું આયોજન કરી શકાય. શાળાની વિદ્યાર્થીસભા વખતે વિદ્યાર્થીમાં વક્તૃત્વ ખીલે તેનો પણ આયોજનમાં સમાવેશ થઈ શકે. આમ થવાથી તે વિવિધ જ્ઞાન, માહિતી મેળવતો થશે તેમજ પુસ્તક કે સંદર્ભગ્રંથનો સહારો લેતો થશે. આ એક પ્રકારનું પરોક્ષ રીતનું શૈક્ષણિક કાર્ય જ છે.

**વિભાગ-બીઃ ઈતર પ્રવૃત્તિ**

૧. આપણી ઉપાસના
૨. સત્રાંત-વર્ષાંત કાર્યક્રમો
૩. શિક્ષક સભાઓ
૪. વાલી સભાઓ
૫. રમત-ગમત
૬. જાહેર ઉજવણી

**૧. આપણી ઉપાસનાઃ**

સામાન્ય રીતે દરેક શાળાના દિવસનો પ્રારંભ શાળાથી થતી પ્રાર્થનાથી થતો હોય છે. આ ઉપાસના મનનો ખોરાક છે. સાથે સાથે ઉપાસના એ આચાર્ય તાસ બની રહેવો જોઈએ. ઉપાસના પછી આચાર્ય અભ્યાસની સાથે સાથે સાંપ્રત પ્રવાહો, રાજકીય ગતિવિધિ, સામાજિક બનાવોની ચર્ચા કરી શકે. આમ, સપ્તાહના એકાદ દિવસ માટે કોઈ વર્ગ કે વિદ્યાર્થીને કામગીરી સોંપી શકાય. કયા દિવસે કઈ પ્રાર્થના બોલવી, કયા વર્ગને કામગીરી સોંપવી, તેનો પણ આયોજનમાં સમાવેશ કરી શકાય. વર્ગકક્ષા પ્રમાણે દરેક વર્ગને ઉપાસના બાદ સમાચાર વાચનનો પણ આયોજનમાં સમાવેશ થઈ શકે.

**૨. સત્રાંત-વર્ષાંત કાર્યક્રમોઃ**

આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં ઉત્સાહ, જિજ્ઞાસા અને રસ-રુચિ વધારે છે. આવી પ્રવૃત્તિમાં ભાગ લેવાથી તેનામાં નવા વિચારો અને તેની માનસિક તાજગીમાં વધારો થાય

છે. તે ખુશ રહે છે. સત્રાંતે અને વર્ષાંતે પડતા વેકેશનમાં કઈ પ્રવૃત્તિ કરી શકાય તેનું સરળ માર્ગદર્શન આપી શકાય. દિવાળીના તહેવારોમાં ફટાકડા ફોડવા, મીઠાઈઓ ખાવી અને ખર્ચમાં અંકુશ કેવી રીતે રાખવો તેની સમજણ માટેનું આયોજન વિદ્યાર્થીઓને કહી શકાય.

### ૩. શિક્ષક સભાઓઃ

સમગ્ર વર્ષ દરમિયાન શિક્ષક સભાનું આયોજન શાળા વિવિધ કાર્ય માટે જરૂરી બને છે. શિક્ષક સભામાં વિષય, વિદ્યાર્થીના અભ્યાસની સ્થિતિ, કચાશ ધરાવતા, નબળું પરિણામ લાવતા, વારંવાર ગે.હા. રહેતા કે પછી કોઈક સામાજિક પરેશાની ભોગવતા વિદ્યાર્થીની વિગતોની ચર્ચા કરી શકાય. શાળાની પરીક્ષા, ઈતર પ્રવૃત્તિઓ, ઉજવણીઓનો સમાવેશ પણ શિક્ષક સભામાં થાય તેવું આયોજન થઈ શકે. કરેલા અભ્યાસક્રમના આયોજનનું અવલોકન થઈ શકે.

### ૪. વાલી સભાઓઃ

વાલી પણ શાળાનું એક અંગ છે. તેની સાથેનો સંબંધ સુમેળભર્યો હોય તે જરૂરી છે. વાલીસભામાં વિદ્યાર્થીના અભ્યાસ, શિસ્ત, વાણી-વર્તન-બીજા વિદ્યાર્થી સાથેનો વ્યવહાર અને તેના પરિણામની વિગતે ચર્ચા થઈ શકે. ઘણી શાળાઓ શાળાકીય પરિણામ વખતે વાલી સાથે આવી ચર્ચા કરે છે. આથી શાળા પોતાની અનુકૂળતા પ્રમાણે વર્ષમાં બે કે ત્રણ વખત આવી સભાઓ યોજવા માટેનું આયોજન કરી શકે. અભ્યાસક્રમની તાસ પદ્ધતિની ચર્ચાને પણ અવકાશ છે.

### ૫. રમત-ગમતઃ

શાળામાં વ્યાયામના તાસનું વ્યવસ્થિત આયોજન થાય, વિદ્યાર્થી ગંભીરતાથી રસપૂર્વક વિવિધ રમતોમાં ભાગ લે તે જરૂરી છે. વધુમાં વર્ષમાં એકવાર રમતોત્સવનું આયોજન થાય. તેમાં વ્યક્તિગત રમતો, સમૂહ રમતો ઉત્સાહભેર રમાય તેવી ગોઠવણ થવી જરૂરી છે.

### ૬. જાહેર ઉજવણીઃ

દરેક શાળા સંસ્થા પોતાની અનુકૂળતા હોય તો સમય સંજોગોને ધ્યાનમાં રાખી વિવિધ ઉત્સવો અને તહેવારોની ઉજવણી કરી શકે. આવા આયોજનમાં કોમી એખલાસનું મહત્ત્વ જાળવી, વાલીઓને પણ આ અંગે વિશ્વાસમાં લઈ આયોજન કરી શકાય.

## વિભાગ-સીઃ અન્ય પ્રવૃત્તિઓ

શાળાકીય આયોજન વખતે અન્ય વિવિધ પ્રવૃત્તિઓ પણ કરવાની થતી હોય છે. આવી પ્રવૃત્તિઓને બે વિભાગમાં વહેંચી શકાય.

### ૧. જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓઃ

- રાષ્ટ્રીય ઘડતર
- નેતૃત્વ વિકાસ
- સાહિત્ય દૃષ્ટિ
- વિજ્ઞાન દૃષ્ટિ
- સંગીત-નાટ્ય કલા
- સમૂહ ભાવના

### ૨. વિદ્યાર્થીની પોતાની સામેલગીરીઃ

- રમતના મેદાનની પ્રવૃત્તિ
- વિદ્યાર્થી સંઘની પ્રવૃત્તિ
- ચિત્રકલાની કામગીરી
- પર્યાવરણ મિલકતની જાળવણી
- સફાઈ કામમાં સહભાગીતા
- વિવિધ હસ્તલિખિત અંકો

## વિભાગ-ડીઃ અન્ય કામગીરી

આયોજન વખતે અન્ય કામગીરીનો સમાવેશ કરવો પડતો હોય છે. જેમ નીચેની બાબતો વિશે વિચારી શકાય.

- શાળાકીય પરીક્ષાના પરિણામો આપવાની પદ્ધતિ
- વિદ્યાર્થીના વર્ગખંડ અને વર્ગખંડની બહારની શિસ્ત માટેના આપણા ખ્યાલો અને આયોજનોની સાદી રૂપરેખા
- અભ્યાસમાં નબળા અને તોફાની વિદ્યાર્થીઓની માવજત અને તેના ઉપાયોની રૂપરેખા
- વિદ્યાર્થીને આપવાના પરિણામપત્રકો, અભ્યાસપત્રકો અને અન્ય પત્રકોમાં સમાવિષ્ટ વિગતો, વાલીઓ

અને વિદ્યાર્થીઓ માટે સરળ અને ઉપયોગી બની રહે તેવા આયોજનો

- શાળાના બ્લેકબોર્ડમાં માહિતી, સુવાક્યો, સમાચાર, હવામાન, સામાજિક ગતિવિધિ, વર્તમાન રાજકીય સ્થિતિ અંગેનો ચિતાર ટૂંકમાં લખાય તે માટેની સમજણ અને વર્ગકક્ષાએ તે માટેનું આયોજન
- અભ્યાસક્રમનું વિષયવાર આયોજન થાય. તેમાં તાસ પદ્ધતિ અને શાળાના વિષયવાર સમયપત્રકનું આયોજન થઈ શકે.
- પરિવાર-કુટુંબના નાના-મોટા સામાજિક પ્રશ્નો તેમજ આર્થિક મુશ્કેલીઓ અનુભવતા વિદ્યાર્થીઓની સંભાળ માટે આગોતરી વિચારણા થઈ શકે. જરૂર પડે તો આવી બાબતો માટે શિક્ષણ સમિતિની રચના કરી શકાય.
- સરકારી નિયમો, વાલીઓને જાણકારી અને ખર્ચની જરૂરી મર્યાદાને ધ્યાનમાં રાખી આયોજન કરવું જોઈએ.
- વિશેષમાં આયોજનને આખરી ઓપ અપાયા પછી તેની કોપી દરેક શિક્ષક કર્મચારીને આપી શકાય. તેની એક નકલ શાળાના નોટિસ બોર્ડ ઉપર મૂકી શકાય જેથી વિદ્યાર્થી-વાલી અને અન્યને તેની જાણકારી રહે.

આ બધી જ બાબતોનું ચિંતન-વિચાર-વિમર્શ અને વર્ગીકરણ અને આયોજન સૌ સાથે મળી નિષ્ઠાપૂર્વક કરે તેમજ તેનો અમલ એક આગવા મિશન સાથે કરવામાં આવે તો આવતી પેઢી માટે આપણે કંઈક સારું કર્યું છે તેનો સંતોષ મેળવી શકીશું.

૭, એપેક્ષનગર સોસાયટી, પ્રકાશ પેટ્રોલ પંપની પાછળ, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. મો.૯૪૨૬૫૨૫૨૪૨

॥ વિદ્યાવૃત્ત ॥

## વલ્લભ વિદ્યાનગર, ગો. જો. શારદા મંદિર હાઈસ્કૂલના વિજ્ઞાન પ્રોજેક્ટની જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે પસંદગી

આણંદ જિલ્લા કક્ષાના વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શનમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદા મંદિર માધ્યમિક વિભાગ વલ્લભ વિદ્યાનગરની કૃતિ વિભાગ-૪માં હવાના દબાણના સિદ્ધાંત પર કાર્યાદિત રમકડાં આણંદ જિલ્લામાંથી પ્રથમ ક્રમે પસંદગી પામી.

શાળાની વિદ્યાર્થિનીઓ પ્રિન્સિ. વાળંદ અને ઈશિકા ભરવાડે કૃતિનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. શાળા પરિવાર તરફથી બંને વિદ્યાર્થિની બહેનો અને તેમને માર્ગદર્શન આપનાર શિક્ષિકા કેતનાબેન પરમારને અભિનંદન પાઠવવામાં આવ્યા. તેમજ રાજ્યકક્ષાએ પણ ઉત્તમ પ્રદર્શન કરી વિજેતા બનાવવાની શુભેચ્છા પાઠવવામાં આવી.

॥ વિદ્યાવૃત્ત ॥

## એ.આઈ.સી.ટી. સંલગ્ન ટેકનિકલ ટીચિંગ સાથે સંકળાયેલા શિક્ષકોને તાલીમ આપતા રાષ્ટ્રીય કક્ષાના ઓનલાઈન અટલ ટ્રેનિંગ પ્રોગ્રામની શરૂઆત

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એ. આર. કોલેજ ઓફ ફાર્મસી એન્ડ જી. એચ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી, વલ્લભ વિદ્યાનગર ખાતે તારીખ ૨૧-૬-૨૦૨૧એ શરૂ કરવામાં આવી હતી જેનો સમાપન કાર્યક્રમ ૨૫-૬-૨૦૨૧ના રોજ યોજવામાં આવ્યો. આ ઓનલાઇન ટ્રેનિંગ કાર્યક્રમમાં ભારત દેશના તમામ રાજ્યોના આશરે ૨૦૦ શિક્ષકોએ ભાગ લીધો હતો. સંસ્થા દ્વારા રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાંથી શિક્ષકોને તાલીમ આપી શકે એવા વ્યાખ્યાતાઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા અને તેઓએ તાલીમના વિષય શિક્ષણશાસ્ત્રને ફરીથી ડિઝાઈનિંગઃ નવીનતા માટે શિક્ષણ અને સમાજ માટે પ્રોત્સાહન ઉપર ખૂબ સરસ તાલીમ પૂરી પડી હતી. ટેકનિકલ શિક્ષકોએ પણ તાલીમના સમાપન કાર્યક્રમમાં સંસ્થા દ્વારા યોજવામાં આવેલા પાંચ દિવસ ચાલેલા કાર્યક્રમને બિરદાવ્યો હતો. સમાપન કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે ઔરંગાબાદ ગવર્નમેન્ટ ફાર્મસી કોલેજના સીનિયર પ્રોફેસર ડો. સુનિલ બોથરા હાજર રહ્યા હતા અને તાલીમાર્થીઓને સંબોધન કર્યું હતું. સંસ્થાના પ્રિન્સિપાલ ડો. જોલી પરીખ દ્વારા સમાપન કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અંતમાં કાર્યક્રમના સંયોજક ડો. નૈતિક ત્રિવેદી દ્વારા તમામ મુખ્ય અતિથિ વિશેષ, તાલીમમાં આવેલા શિક્ષકો, ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી ભીખુભાઈ પટેલ સાહેબ, વાઇસ પ્રેસિડેંટ શ્રી મનીષભાઈ પટેલ સાહેબ અને તમામ સેક્રેટરીશ્રીઓ તથા તાલીમ માટે ફંડ આપનારી સંસ્થા એ.આઈ.સી.ટીનો આભાર વ્યક્ત કર્યો હતો.

॥ વાર્તા ॥

## પરમ પ્રીત

મનીષા રાઠોડ

''શૈલી તને છોડીને શું ગઈ, તેં તો સાવ જીવવાનું જ છોડી દીધું... આ દેવદાસ જેવો વેશ ધારણ કરીને ક્યાં સુધી ફરીશ? તારી દાઢી સુગરીના માળા જેવી થઈ ગઈ છે. જરા જો તો ખરો અરીસામાં. બે.. શૈલી ગઈ તો મૌલી આવશે. કોઈના વગર દુનિયા થોડી અટકી જાય છે?''

તાજા તાજા બ્રેકઅપ થયેલા પરમને તેનો દોસ્ત નમ્ર સમજાવી રહ્યો હતો. પણ પરમ તો પોક મૂકીને રડવા લાગ્યો. દુનિયા લૂંટાઈ ગઈ હોય એમ જોરજોરથી માથું પછાડવા લાગ્યો. શૈલીનો નશો કોકેઈનના નશાની જેમ નસ નસમાં ઊતરી ગયો હતો.

યુરોપિયન ઢીંગલી જેવી રૂપાળી ગોરી ચિટ્ટી શૈલી હવે એક ફોરેનરમાં મોહી હતી. યુરોપથી ઈન્ડિયા આવેલો સ્ટીવ શૈલી સાથે વધારે પડતો ભળી રહ્યો હતો. આર્કિટેક્ટ કોલેજના આર્ટિસ્ટિક કેન્ટિનના બાંકડા પર કલાકો આ ઈન્ડોયુરોપિયન કપલ હાથમાં હાથ પરોવી બેસી રહેતું. આ બધું જોઈ જોઈને પરમના પેટમાં બળતરા ઊપડતી. તેની એસિડિટી હાઈપર થતી.

''મારા પૈસાથી મજા કરી, મારા ક્રેડિટ કાર્ડ પર શોપિંગ કરી, મારા જ પૈસાથી ખરીદેલા મોલના મોંઘાદાટ કપડાં પહેરીને આ બેવફા શૈલી પેલા યુરોપિયનને પટાવે છે. પણ આ ઈમ્પોર્ટેડ માલ લાંબો ટાઈમ નહીં ટકે. તારા જેવી તો એણે કેટલીયે ફેરવી હશે. રૂપાળી ગોરી ચામડી ખાતર તે મારૂં દેશી કાઠિયાવાડી દિલ તોડીને ભુક્કો કરી નાખ્યું. પણ જા, તને માફ કરું છું. તું ભલે મને છોડી દે પણ હું તો તને હજુય એટલો જ ચાહું છું.'' શૈલીનો ફોટો જોઈને જીવ બાળતો પરમ મનમાં બબડ્યા કરતો.

''વો જો કહેતે થે બીછડેંગે ના હમ કભી...... અલવિદા હો ગયે દેખતે દેખતે....''

પરમ મોબાઈલમાં વારંવાર આ ગીત રિપીટ કર્યા કરતો.

''આ ગીત સાંભળી સાંભળીને મારા મગજની નસો ખેંચાય છે. હવે બહુ થયું, આ બંધ કર ભાઈ.. ક્યારનો શું શૈલીના ઈન્સ્ટાગ્રામ પર ફોટા જોયા કરે છે? એ ગઈ હવે. મૂકને લપ. તારું ચક્કર શરૂ થયું ત્યારથી જ મને લાગતું હતું કે આ બધું વધારે નહીં ચાલે. ક્યાં તું કાળો ચામાચીડિયા જેવો અને પેલી ભૂરી પરી જેવી. જોડી જામવી તો જોઈએ ને? એ તો તારા પૈસા પાછળ ઘેલી હતી, તારા પાછળ નહીં. સમજ્યો... ઊભો થા હવે પથારીમાંથી. ભૂંડની જેમ પડ્યો રે'છે નાહ્યા ધોયા વગર આખો દિવસ. જ્યારથી તારું બ્રેકઅપ થયું છે, ત્યારથી તેં મારા મૂડનો સત્યાનાશ કરી દીધો છે. તારું દિવેલ પીધેલું ડાચું જોઈને મારો આખો દિવસ બગડે છે.'' નમ્ર બરાબરનો અકળાયો. હોસ્ટેલના ત્રીજા માળે બન્ને ત્રણ વર્ષથી એક જ રૂમમાં રહેતા હતા.

''નમ્ર, મને કઈ ગમતું નથી. તું મારી પાસે બેસને. પ્લીઝ.''

''તું રોજ આવું બોલ્યા કરે છે. હું તો કહું છું કે થોડા દિવસ ઘરે જતો રહે. ફેમિલી સાથે ટાઈમ સ્પેન્ડ કર ભાઈ. આ ગર્લફ્રેન્ડ તો આવે ને જાય, પણ ફેમિલી એ ફેમિલી છે. ખરો પ્રેમ તો આપણા મમ્મી-પપ્પા કરે, આ છોકરીઓ તો ફાયદો ઉઠાવે. શૈલી માત્ર તારી પાસે પૈસા માટે આવી'તી. તને કેટલીવાર સમજાવ્યો'તો કે આ ચક્કરમાં ના પડ, પણ તું ગાંડો મારી વાત માને તો ને?''

''નમ્ર, હું શૈલીને બહુ ચાહું છું.''

''ભાઈ, મને બધી ખબર છે. આ ડાયલોગ તારા મોઢે હજારો વાર સાંભળી ચૂક્યો છું. બે... તારા જેવું સામેવાળાને પણ થવું જોઈએ ને! તાળી એક હાથે ના વાગે. પ્રીત પરાણે ના થાય ડિયર. તારા નસીબમાં હશે એ તને આવી મળશે. તું હવે જરા પોતાની જાતને સંભાળ. આ બધામાંથી બહાર આવ અને ભણવામાં ધ્યાન દે.''

''નમ્ર, મારે હવે જીવવું જ નથી. પંખે ટીંગાઈને મરવાના વિચાર આવે છે. તું મને દોરડું લાવી દે. શૈલી વગર એક મિનિટ પણ નથી જીવાતું. ત્રણ વર્ષથી મારી સાથે હતી. હવે પેલા ભૂરિયા હારે એને જોઉં છું ને મારૂં લોહી ઊકળી જાય છે.''

''તો તું જુવે છે શું કરવા? જોઈને જીવ બાળવો એના

કરતાં ઈગ્નોર કર એને. એ તને ભાવ નથી આપતી તો તું શું કામ આટલો લાંબો થાય છે. તેલ પીવા ગઈ શૈલી.''

''એવું ના બોલ પ્લીઝ, આઈ સ્ટીલ લવ હર.''

''બેસ બેસ લવવાળી. આ તારી લવની ભવાઈમાં મારો ભણવાનો સમય બગડે છે. તારા બાપાનો તો લાંબો પહોળો કારોબાર છે. તને ક્યાં નોકરીની ચિંતા? પણ મારે તો ભણવું પડશે ને! આવતીકાલે કેમ્પસ ઈન્ટરવ્યૂ છે. જો મારૂં સિલેકશન થઈ જાય તો ઘરનો થોડો ભાર હળવો થાય.''

''તું તારે ભણ, મારી કંપનીમાં તારા જેવા હોશિયાર માણસની જ જરૂર છે. હું તને નોકરી આપીશ. તું ચિંતા ના કર. પણ આ શૈલી...''

''વળી પાછી શૈલી. આ ફરી ફરીને તારી પિન શૈલી પર ચોંટી જાય છે. આ બધા વેવલાવેડા રે'વા દે.''

''તારો ફોન આપ મને.'' નમ્ર ગુસ્સાથી તેનો ફોન આંચકતા બોલ્યો.

પરમના ફોનમાંથી શૈલીના બધા ફોટા તેણે ડીલીટ કરી દીધા. તમામ સોશિયલ મીડિયામાંથી શૈલીને ડીલીટ કરી. આ જોઈ પરમ બૂમાબૂમ કરવા લાગ્યો. પણ તેની એક પણ વાત સાંભળ્યા વગર નમ્ર રૂમમાંથી પણ તેના બધા ફોટા ફાડી ફાડીને ડસ્ટબિનમાં નાખતો રહ્યો.

''ના રહેગા બાંસ, ના બજેગી બાંસુરી. આ દસ દિવસથી ત્રાસ કરી મૂક્યો છે. રોજ ગાંડા કાઢે છે. ખબરદાર જો હવે એને જોઈ છે તો. એક છોકરીના લીધે જિંદગી બરબાર કરવા બેઠો છે. કંઈ ભાન પડે છે? તું ચાલ મારી સાથે.''

''તું ક્યાં લઈ જાય છે?''

''ચુપચાપ મારી બાઈક પાછળ બેસી જા. હવે એકપણ શબ્દ બોલીશ નહીં. હું કહું એટલું કર.'' પરમને ખેંચીને નમ્ર સલૂનમાં લઈ આવ્યો. તેના હાલહવાલ જોઈને સલૂનવાળો પણ ડઘાઈ ગયો.

''આ કોણ છે?'' સલૂનવાળાએ આશ્ચર્યથી પૂછ્યું.

''આપણો પરમ.''

''શું વાત કરે છે? આવો લઘરવઘર દેવદાસ જેવો કેમ થઈ ગયો? આ તો મારો રેગ્યુલર કસ્ટમર છે ભાઈ. આની હેર સ્ટાઈલ ગિરનારના બાવાની જટા જેવી થઈ ગઈ છે?''

''તું તારે લપ કર્યા વગર તારું કામ કરને! તારે શું પંચાત!'' નમ્ર ખીજાઈને બોલ્યો.

પરમના વાળ અને દાઢી સેટ કરાવી નમ્ર તેને ફરીથી બાઈક પર બેસાડી ક્યાંક લઈ જઈ રહ્યો હતો.

''હવે ક્યાં લઈ જઈશ? તું મને મારા હાલ પર છોડી દે. તું મારી ચિંતા ના કર.''

આ સાંભળી નમ્ર ખૂબ ગુસ્સે થયો અને બોલ્યો, ''હવે તું કંઈ બોલ્યો છે તો એક લાફો પડશે સમજ્યો? ચુપચાપ બેસી જા મારી પાછળ. એકપણ શબ્દ બોલીશ નહીં.''

પરમ એક સારો પેઈન્ટર હતો. તેના કૅન્વાસ પર કરેલા અદ્‌ભુત પેઈન્ટિગ નમ્ર પાસે હતા. નમ્ર તેને ખેંચીને શહેરના એક ખ્યાતનામ પેઈન્ટર પાસે લઈ ગયો. પરમનો મરી ગયેલો શોખ પાછો જીવંત થાય અને તેનું મન બીજે વળે એટલે તેને આ પેઈન્ટર સાથે મુલાકાત કરાવી. પરમનો આત્મા જાણે ફરી જાગ્યો હોય એમ તે આર્ટ ગૅલરીની દીવાલોમાં જડેલા તમામ પેઈન્ટિંગ ધારીને જોવા લાગ્યો. એની અંદર રહેલો કલાનો જીવ ફરી જીવંત થયો.

''સર, અંદર આવી શકીએ?'' નમ્રએ ઓફિસમાં ઊંધા ફરીને ખુરશીમાં બેઠેલા, રૂપેરી લાંબા વાળની ચોટલી વાળેલા, ધૂની દેખાતા એક આધેડવયના સજ્જનને પૂછ્યું.

''યસ, કમ ઈન.'' તેઓએ પાછળ જોયા વગર જ બંનેને ખુરશીમાં બેસવાનું કહ્યું. થોડીવાર પછી એ પાછા ફર્યા અને બન્ને યુવાનોને આવવાનું કારણ પૂછ્યું.

''સર, આ મારો ફ્રેન્ડ છે. બહુ સારું પેઈન્ટિંગ કરે છે. તમે જો એને ગાઈડ કરશો તો એ ખૂબ સારું કામ કરશે.'' નમ્ર બોલ્યો.

''હમમમ.. શું નામ છે તારું?'' પરમ સામે જોઈને સરે પૂછ્યું.

''જી, પરમ.''


ISSN 0976 – 9609

બંને વચ્ચે પેઈન્ટિંગ વિશે ઘણી વાતો ચાલી. લગભગ અડધો કલાક ક્યાં વીતી ગયો, ખબર પણ ના પડી. પરમ ધીરે ધીરે ખુલીને વાતો કરી રહ્યો હતો. કુંડલી મારીને કેટલાય વર્ષોથી પોતાના દરમાં સૂતેલો સાપ જેમ ફૂંફાડા મારી બેઠો થાય, એમ પરમના અંતરમાં ધરબાઈ રહેલો પેઈન્ટિંગનો કીડો ફરી સળવળ્યો. તેને ખૂબ રસ લઈને વાત કરતા જોઈ નમ્રને હાશ થઈ. તેનું તીર બરાબર નિશાના પર વાગ્યું હતું.

પરમ હવે પેઈન્ટિંગના પ્રેમમાં પડ્યો. પોતાની તમામ ઊર્જા તેણે આ તરફ વાળી. શૈલીની યાદો, તડપ, દર્દ હવે પીંછીમાં વાળી કૅન્વાસ પર ઉતારતો ગયો. તેણે એક પછી એક અદ્‌ભુત પેઈન્ટિંગની વણઝાર લગાવી દીધી. રાતદિવસ પેઈન્ટિંગમાં ગળાડૂબ તેનું બદલાયેલું સ્વરૂપ જોઈ તેનો મિત્ર ખૂબ રાજી થતો.

પરમને ચિત્રોની માયા વળગી. કોલેજના વર્ષો પૂરા થયા. નમ્ર ખૂબ સારી કમ્પનીમાં સિલેક્ટ થઈ ગયો અને પરમ પોતાના ઘરનો બિઝનેસ સંભાળવા લાગ્યો. વર્ષો વીતતા ગયા. બંને મિત્રો હવે પોતપોતાની લાઈફમાં સેટલ થઈ ગયા.

પરમનો પેઈન્ટિંગ પ્રેમ વધુ ને વધુ વેગ પકડતો ગયો. હવે તેના પેઈન્ટિંગના ઠેર ઠેર એક્ઝિબિશન થવા લાગ્યા. પૈસાની ખોટ તો તેને હતી જ નહીં, પણ હૃદયના કોઈક ખૂણે શૈલીની બેવફાઈ તેણે હજુય સંઘરી રાખી હતી. કદાચ એ બેવફાઈ જ તેની પીંછીમાં ઈંધણ પૂરી તેને આગળ વધારી રહી હતી. દિવસ આખો ધંધામાં અને રાતના મોડા સુધી પોતાની આર્ટ ગેલેરીમાં સમય વિતાવવા લાગ્યો. રાતના કલરથી ખરડાયેલા કપડામાં જ સોફા પર આડો પડી જતો.

* * *

''સાહેબ, તમને મળવા કોઈ બહેન આવ્યા છે. તમે કહો તો અંદર મોકલું?'' ઓફિસ બોયે અડધો દરવાજો ખોલી બહાર ઊભા રહીને સંમતિ માગી. બિઝનેસમેન પરમને એમ કે કોઈ જોબ માટે આવ્યું હશે. કાચની એરકન્ડિશન્ડ ઓફિસમાં રીવોલ્વિંગ ચેરને ઘુમાવી ઓફિસબોય સામે જોઈ એણે ડોકું હલાવ્યું. ફરી પાછો પોતાના કામમાં મશગુલ થઈ ગયો.

''બેન, સાહેબ અંદર બોલાવે છે.''

અંદર જઈને તે બેન ઊભી રહી. આટલી ભવ્ય કેબિન તેણે પહેલીવાર જોઈ હતી. તે ઘણીવાર સુધી પરમની સામેની ખુરશી પાસે ઊભી રહી, પણ પરમનું ધ્યાન તેના લેપટોપમાં હતું. લગભગ દસેર મિનિટ એમ જ વીતી ગયા પછી જ્યારે તેણે ઉપર જોયું તો તેની આંખો ફાટી ગઈ. ભૂલથી ચારસો ચાલીસ વોલ્ટનો કોઈ તાર પકડાઈ જાય અને જે ઝાટકો લાગે, એનાથી પણ વધારે વોલ્ટનો ઝાટકો આ સ્ત્રીને જોઈને તેના હૃદયને લાગ્યો. વેદના, સંવેદના, દર્દ, તડપ, તમામ ભાવો એકસાથે તેના ચહેરા પર ધસી આવ્યા. કારણ કે સામે ઊભી હતી શૈલી.

''શૈલી, તું અહીં ક્યાંથી?''

''તારી માફી માંગવા આવી છું. પરમ પ્લીઝ... મને માફ કરી દે.''

''આટલા વર્ષો પછી તને ભાન થયું?''

''ભાન તો બહુ પહેલાં થઈ ગયું હતું. પેલો ભૂરિયો મને છેતરી ગયો. મારો પૂરેપૂરો ફાયદો ઉઠાવી મને એચ.આઈ.વી.નો ચેપ આપતો ગયો. તને છેતરવાની સજા કુદરતે મને આપી દીધી, પરમ. આ બીમારીએ મને અંદરથી કોરી ખાધી છે. મારો અંતરઆત્મા મને સતત ડંખતો રહ્યો. તારી માફી માંગીને કદાચ હું આ ભાર કંઈ અંશે હળવો કરી શકું એ આશાથી તને છેલ્લી વાર મળવા આવી છું. બની શકે તો મને માફ કરી દે.'' આટલું બોલતાં બોલતાં શૈલી ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

પરમને તેની આંખોમાં અને આંસુઓમાં સચ્ચાઈ દેખાઈ. થોડીવાર પછી ચુપકીદી તોડી પરમ શૈલીને કંઈક કહે એ પહેલાં જ શૈલી બે હાથ જોડી, આંસુ લૂછી ઓફિસની બહાર નીકળી. શૈલી જેવી પાછળ વળી કે પરમે તેનો હાથ પકડી તેને ઊભી રાખી. અને કહ્યું, ''શૈલી, મારી સાથે લગ્ન કરીશ?''

આ સાંભળીને શૈલી સ્તબ્ધ થઈ ગઈ. આંસુ લૂછતાં બોલી, ''પરમ, તેં બરાબર સાંભળ્યું નહીં. મેં તને કહ્યું

કે હું એચ.આઈ.વી. પોઝિટિવ છું. લગ્ન તો શું, લોકો મારી સાથે વાત કરતા પણ ગભરાય છે. અને તું મારી મજાક કરે છે.''

''મજાક નથી કરતો શૈલી. હું ખરેખર તારી સાથે લગ્ન કરવા માંગું છું.''

''એક મરતી છોકરી સાથે લગ્ન કરીને તને શું મળશે? શું કામ તારું જીવન બરબાદ કરવા માંગે છે?''

''શૈલી, તારા ગયા પછી મેં ક્યારેય કોઈ છોકરી સામે જોયું પણ નથી. લગ્ન કરવાનો વિચાર પણ માંડી વાળ્યો હતો. કદાચ તું જ મારા નસીબમાં હતી. તું આજે પણ મને એટલી જ ગમે છે.''

''પરમ, વાસ્તવિકતા બહુ કપરી છે. હું તને કોઈ સુખ નહીં આપી શકું. એ વખતે નાદાનીમાં તને દુઃખી કર્યો. પણ હવે જાણી જોઈને તારૂં જીવન બરબાદ ન કરી શકું. જીવનભરના નિર્ણય ભાવુક થઈને ન લેવાય.'' પશ્ચાત્તાપના આંસુથી ભીંજાયેલી આંખે શૈલી પરમને સમજાવવાનો પ્રયત્ન કરી રહી હતી.

''તારી જિંદગીના છેલ્લા વર્ષો મને આપતી જા શૈલી. મારા માટે આટલું પણ નહીં કરે?''

આખરે પરમની પ્રીત અને ધીરજ રંગ લાવી.

* * *

''નમ્ર, પેલી શૈલી...'' પરમે નમ્રને ફોન કરીને વાત કરવાની શરૂઆત જ કરી ત્યાં તો નમ્રનું નોન સ્ટોપ ફાયરિંગ શરૂ થયું.

''બે...... તું હજુય એને ભૂલ્યો નથી? તેં પાછું શરૂ કર્યું તારું ગાંડપણ? એના ચક્કરમાં હજુય વાંઢો ફરે છે. કોણ જાણે ક્યારે તને અક્કલ આવશે?''

''નમ્ર, આવતીકાલે શૈલી સાથે મારા લગ્ન છે, કોર્ટમાં તું આવીશને???''

પ્રાધ્યાપિકા, મીકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ, એડીઆઈટી કોલેજ,
ન્યૂ વલ્લભ વિદ્યાનગર. મો.૯૯૦૪૨ ૩૭૮૪૭

॥ વિદ્યાવૃત્ત ॥

## ગો. જો. શારદા મંદિર, વલ્લભ વિદ્યાનગરનું બોર્ડનું પરિણામ

કોરોના મહામારીને કારણે ચાલુ વર્ષે ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા લેવાઈ નથી. જેથી કરી સરકારે માસ પ્રમોશનથી વિદ્યાર્થીઓને ઉત્તીર્ણ કરેલ છે. તે પૈકી શાળામાં A+ ગ્રેડમાં ૫, A ગ્રેડમાં ૨૫, B+ ગ્રેડમાં ૨૫, B ગ્રેડમાં ૩૭, C+ ગ્રેડમાં ૫૧, C ગ્રેડમાં ૬૦, D ગ્રેડમાં ૪૩ વિદ્યાર્થિનીઓ ઉત્તીર્ણ થઇ છે. જેમાં ભટ્ટ પરિધિ અલ્પેશકુમાર ૯૯.૮૫ PR, પટેલ બંસરી ગોપાલભાઈ ૯૯.૪૧ PR, પટેલ ખુશી શૈલેષકુમાર ૯૯.૦૨ PR, રાઠોડ પૂજા ખીમજીભાઈ ૯૮.૮૫ PR અને ભરવાડ ભૂમિ વિક્રમભાઈએ ૯૮.૨૮ PR સાથે શાળામાં પ્રથમ પાંચ ક્રમાંક પ્રાપ્ત કર્યા છે.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના ચેરમેન એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદ મંત્રીશ્રી ડો. એસ. જી. પટેલ અને આચાર્યા રીટાબેન પટેલ, શાળાના સૌ શિક્ષણગણ સૌએ ઉત્તીર્ણ થયેલી વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા છે.

॥ વિદ્યાવૃત્ત ॥

## એરીબાસ બાયોટેકનોલોજી કોલેજમાં પેરેંટ્સ મીટિંગ યોજાઈ

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટિ સંચાલિત અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટીગ્રેટેડ સ્ટડીસ એન્ડ રિસર્ચ ઇન બાયોટેકનોલોજી એન્ડ એલાઈડ સાયન્સ, ન્યુ વિદ્યાનગરમાં વિદ્યાર્થી જાગૃતિ અંગેની પેરેંટ્સ મીટિંગનું આયોજન સંસ્થાનાં ઈન-ચાર્જ હેડ ડો. ભક્તિ બાજપાઈનાં માર્ગદર્શન પ્રમાણે ડો. રીતુ દીક્ષિત, ડો. નિશા દક્ષિણી અને ડો. સંદીપ ચોવિટીયા દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના વિકાસ અને કેમ્પસ ઇન્ટરવ્યૂની સમગ્ર માહિતી તેમજ અલગ અલગ કંપની અને રિસર્ચ સંસ્થામાં વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેંટ પ્રાપ્ત થયું તેની જાણકારી ઈન-ચાર્જ હેડ ડો. ભક્તિ બાજપાઈ મેડમે જણાવી હતી. ડો. દિગ્વિજયસિંહ રાણા દ્વારા વિદ્યાર્થીઓના અભ્યાસની તેમજ સેમેસ્ટર દરમ્યાનની પ્રગતિ અંગેની તમામ બાબતોની વિગતો, વિદ્યાર્થીલક્ષી માહિતીની જાણકારી આપવામાં આવી હતી, જેમાં સેમેસ્ટર દરમ્યાનની વિદ્યાર્થીઓની ઓનલાઇન વર્ગમાં હાજરી, ઇન્ટરનલ પરીક્ષાના પરિણામ, અભ્યાસમાં કઈ રીતે આગળ આવે તે માટેના પ્રોત્સાહનો તેમજ સંસ્થા તરફથી અભ્યાસલક્ષી સવલતોનો પૂરેપૂરો ઉપયોગ, વિષયલક્ષી પ્રશ્નોનું નિરાકરણ કરવું તે સર્વે બાબતોની જાણકારી આપવામાં આવી હતી. અંતમાં હાજર રહેલા સર્વે પેરેંટ્સનો ડો. રીતુ દીક્ષિત દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

 ISSN 0976 – 9609

## વિદ્યાનગરનાં મારાં સંભારણાં

**સૂર્યકાંત વૈષ્ણવ**

૧૯૫૯થી અહીંની મારી જીવનયાત્રાનો આરંભ થયો. આ યાત્રા તે વિદ્યાની યાત્રા હતી, મારા માટે વાસ્તવમાં તે સરસ્વતીની આરાધાનાનું નિમિત્ત હતું. અહીં કર્મનો મર્મ હાથ લાગી ગયો. પછી બીજે ક્યાંય જવાનું મન ના થયું.

વર્ગમાં સ્વર્ગ માણ્યું. આ યાત્રાની દાસ્તાન અનેરી છે અને આલ્હાદક છે. સંસ્મરણો અનેક છે. એક પુસ્તક બની જાય તેવું છે. તે બધું નજર સમક્ષ આવે છે તેમ આનંદ અને પ્રસન્નતા જ પ્રગટે છે. મારે મન શિક્ષણ એ યાંત્રિક કર્મ નહિ પણ તે એક સાધના હતી તેવો સતત અનુભવ મને થતો રહ્યો છે.. આ સાધના તે જ મુખ્ય પ્રાપ્તિ, આર્થિક પ્રાપ્તિનું મહત્ત્વ ખરું પણ તે ગૌણ. શિક્ષણ પ્રદાનની શરૂઆત પોલિટેકનિકથી થઇ.. ૧૯૬૪માં BVM..માં પગ માંડ્યો.

૧૯૯૭ સુધી BVM સતત માણ્યું. મેં મારા પ્રયત્નથી જ બધું કર્યું તેવું નથી, કોઈકે ટેકો કર્યો, પ્રેરણા આપી, માર્ગદર્શન થયું અને આપોઆપ થતું ગયું. ભગવાન કર્તા અને હું કર્મ અને ક્રિયાપદ. કર્તા, કર્મ અને ક્રિયાપદની તાલબદ્ધ જુગલબંધી એટલે વિદ્યાનગરનાં મારાં સંસ્મરણો..

ચારુતર વિદ્યામંડળમાં સતત રહ્યો. BVMમાં પ્રોફેસર, ADITમાં પ્રિન્સિપાલ, અને CVMમાં સહ-મંત્રી પદેથી શિક્ષણની યાત્રા સંપન્ન થઇ. અનેક અનુભવો ચિત્તમાં અંકાયેલા છે. તે સૌ ચિરઃસ્મરણીય રહેશે. ગમ્યું, પામ્યો. પ્રગતિનાં અનેક સોપાન સર કર્યા તેનું સંભારણું તે સંભારણું નહિ પણ જીવનનું મહત્ત્વનું ભાથું બન્યું.

અહીનાં નિવાસ દરમ્યાન પુત્ર ડો. ભાલેંદુ અને પુત્રી ડો. વિભા પોતાનો અભ્યાસ પૂરો કરી અહીં જ વ્યવસાયમાં પ્રવૃત્ત થયા. સંસ્થાના પ્રોફેસર બ્લોકસમાં ૨૭ વર્ષ રહ્યા પછી ઇશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્ યત્ કિંચ જગત્યામ્ જગત્. તે ઇશાવાસ્યમ નિવાસસ્થાને સ્થાયી થયા.

હું શ્રી અરવિન્દ સાધના કેન્દ્રનો સ્થાપક મંત્રી રહ્યો. કેન્દ્રનું બંધારણ ૧૯૮૫માં તૈયાર કરવામાં નિમિત્ત બન્યો. કેન્દ્રનું ધ્યાન ખંડ પણ ત્યારે તૈયાર થયું. સાધના કેન્દ્ર સાથે જોડાયેલ અનેક યાદગીરી સ્મરણે અંકાયેલી છે.

નેત્ર યજ્ઞ અને સર્જિકલ કેમ્પ સાથેની સક્રિય સામેલગીરીના યાદગાર પ્રસંગો ભૂલાય તેવા નથી.. ગાંધી-વિનોબાનો જન-સેવાનો સંદેશો ઉજાગર થયો.

સમાજ અને અધ્યાત્મ એકરૂપ બની ગયા. નેત્ર યજ્ઞના ડો. દોશી કહેતા કે દર્દી તો આપણો ભગવાન છે તે વાત સંભારણું નહિ પણ એક ઘરેણું બન્યું.

યુનિવર્સિટીની સેનેટ અને સિન્ડિકેટમાં અધ્યાપકોના પ્રશ્નો લઈને ઝઝૂમ્યો, તેની અનેક ઘટનાઓને સંચાલકો અને અધ્યાપકો હજી યાદ કરે છે. હિંમત કરીને જોખમ ખેડે તે વૈષ્ણવ. અધ્યાપક અને અધ્યાપનની હિતની વાત છોડે નહિ.. પડે પણ ઊભો થઇ જાય. કુલપતિઓ, સંચાલકો અને અધ્યાપકો સૌએ પ્રેમથી સ્વીકાર્યો અને નવાજ્યો તેનો જ આનંદ છે. સંતોષ છે. અધ્યાપક મંડળમાં મંત્રી અને પ્રમુખ પદે કાર્યભાર સંભાળ્યો. તે દરમ્યાન રાજ્યના મુખ્ય મંત્રી, પ્રધાનો અને અધિકારીઓ સાથે સંપર્કમાં આવવાનું બન્યું તેની સ્મરણ તાલિકા નોંધનીય છે.

સ્ટડી સર્કલની પ્રવૃત્તિ પણ સ્મરણીય છે. અનેક વાર્તાલાપો અને તે થકી તૈયાર થયેલાં પુસ્તકો સતત સામે રહે છે. મારાં ઉપનિષદ આચમન પુસ્તકમાં મેં લખ્યું હતું કે જીવનમાં ઈશ્વરની કૃપા અને પ્રેરણાથી જ બધું થયું. દિશાસૂચન તેણે આપ્યું. પ્રાણની પાછળ તેનો ટેકો હતો.

જીવન યાત્રાનાં સંભારણાં વાગોળીએ ત્યારે અચંબો તો એ થાય છે કે આ બધાનું આયોજન કોણે કર્યું? સંચાલન કોણે કર્યું? પ્રેરણા કોણે આપી? જોમ અને હોંશ કોણે સર્જ્યા? કોને સંભારીએ? યશ કોને આપવો?

ઈશ્વરને પૂછ્યું કે મને મુકીને તમે ક્યાં ગયા? તમારા પગલાં તો ગાયબ છે. અવાજ આવ્યો કે તું જોવે છે તે પગલાં તો મારાં છે તારાં નહિ તને તો મેં ખભે તેડી લીધો હતો.

નિવૃત્ત આચાર્ય, ADIT એન્જીનિયરીંગ કોલેજ, ન્યુ વલ્લભ વિદ્યાનગર, પૂર્વ માનદ સહમંત્રી ચારુતર વિદ્યામંડળ
e-mail : svvaishnavhotmail.com

## उपकार है तेरा ए मालिक।

**महेश स्टेलिन**

उपकार है तेरा ए मालिक,
ज़िंदगी हमें सौगातमें दी।
वरदान है तेरा ए मालिक,
बंदगी भी उसके साथ ही दी।

पॉच तत्त्वोंसे निर्मित काया,
कौशल-बुद्धि का दीप जलाया,
बचपन,जवानी,बुढापा पाया
मालिक हर करतबमें समाया
उपकार है ए तेरा मालिक,
जादूभरी काया भेंट में दी
...उपकार है तेरा ए मालिक,

विपद्द-दु:खद पीड़ासे बचाया,
विकट,विकार,व्याधि से बचाया,
जरूरतसे ज्यादा दिया तूने सबको,
सब मुक्त ही पाया, न दिया कुछ रबको,
उपकार है तेरा ए मालिक,
तन मन और धनकी धरोहर दी
...उपकार है तेरा ए मालिक,

दुराचार से सना जीवन है हमारा,
किंतु हरदम तु ही है सहारा,
दे शक्ति हमें,रटें नाम तुम्हारा,
सदाचार भरा,जीयें जीवन हमारा।
उपकार है तेरा ए मालिक,
जीनेके त्रिए धरती-माँ दी
...उपकार है तेरा ए मालिक,

आचार्य, आई.बी. पटेल इंग्लिश स्कूल, वललभ विद्यानगर.

।। વિદ્યાવૃત્ત ।।

## આર.એમ. દેસાઈ મ્યુઝિક કોલેજ વિદ્યાનગર ખાતે હરિહર કલામંચ સ્પર્ધા યોજાઈ

તા.૩૦/૭/૨૦૨૧ના રોજ રમા મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ, વલ્લભ વિદ્યાનગર ખાતે હરિહર કલામંચ ગાયન-વાદન-નૃત્યની સ્પર્ધા સંસ્થાના આચાર્યશ્રી ડો.ધીરુભાઈ દેસાઈ સાહેબની અધ્યક્ષતામાં યોજાઈ. આજરોજ સંસ્થાનો બાવનમો સ્થાપના દિવસ પણ ઉજવાયો. સ્પર્ધા સોલો અને સમૂહ એમ બે ભાગમાં યોજાઈ જેમાં લગભગ પચાસેક વિદ્યાર્થી ઓએ ભાગ લીધો. સમૂહ સ્પર્ધામાં ગાયન વિભાગમાં રાગ-માલકૌંસ વિ.બડા ખ્યાલ પ્રથમ વિજેતા થયા જેમાં રમજાન, સંજય, અમન, અજીવત, કૌશિક, મયંકભાઈ, ભૂમીક, ધવલ, ભૌમિકે ભાગ લીધો હતો. વાદન વિભાગમાં પ્રથમ વિજેતા રાગ-દરબારી આધારિત કૃતિ રહી જેમાં એલેક્સ, રાઘવ અને હેતે ભાગ લીધો હતો. નૃત્ય વિભાગ સમૂહમાં કથ્થક સમૂહ પ્રથમ વિજેતા થયા જેમાં ભારતી, નિશા,ક્રિષ્ના, વિશ્વા, ક્રિશા, હેતા, એશાએ ભાગ લીધો.

તે જ રીતે સોલો ગાયન વિભાગમાં પ્રથમ ક્રમે હાર્દિક, દ્વિતીય ક્રમે ભૂમીક, તૃતીય ક્રમે અમન રહ્યા. હાર્મોનિયમમાં પ્રથમ ક્રમે અભિષેક, દ્વિતીય ક્રમે વ્રજ રહ્યા. તબલામાં પ્રથમ ક્રમે અરવિંદભાઈ, દ્વિતીય ક્રમે રાઘવ રહ્યા. ગિટારમાં પ્રથમ ક્રમે હેત, દ્વિતીય ક્રમે રાગીણી રહ્યા. ભરતનાટ્યમમાં પ્રથમ ક્રમે શિવાની, દ્વિતીય ક્રમે સેજલબેન રહ્યા. કથકમાં પ્રથમ ક્રમે ભારતી, દ્વિતીય ક્રમે ક્રિષ્ના રહ્યા. સૌ મહાનુભાવોએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી તેમજ સંસ્થા આમ જ ખૂબ પ્રગતિ કરે તેવા અભિનંદન પાઠવ્યા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી ડો.નિકુંજભાઈ ભટ્ટ, શ્રીમતી લાવણ્યાબેન ભટ્ટ હાજર રહ્યા. અતિથી વિશેષ તરીકે શ્રીમતી સ્મિતાબેન શુક્લ, શ્રીમતી અલ્પાબેન ભટ્ટ, શ્રીમતી રીનાબેન ચોકસી હાજર રહ્યા. સમગ્ર કાર્યક્રમની સુચારુ વ્યવસ્થા અને આયોજન કરી અધ્યાપક શ્રી ધવલ પટેલ, મીત પાંડવ, વિલીસ પરમારે કાર્યક્રમ શોભાવ્યો હતો. અધ્યાપિકા મેઘના પટેલ, ઉર્મી ત્રિવેદી, નોન ટિચિંગ જયદીપ પટેલ, નયનાબહેન, મહેશભાઈએ પણ સેવા આપી. કાર્યક્રમનું સંચાલન મયંક રાવલ દ્વારા કરવામાં આવ્યું. આભારવિધી કલામંચના કન્વીનર અધ્યાપક શ્રી તસવ્વુર મલેક દ્વારા કરવામાં આવી.

 ISSN 0976 – 9609

# Fumigation as a disinfectant technique: a preventive measure for COVID infections

**Swagata Dilip Tavhare[1], C.H. Babaria[2]**

1. MD (Ayu), PhD (Ayu), Assistant professor, Department of Dravyaguna, G J Patel institute of Ayurvedic studies and _ research, New Vallabhvidyanagar, Anand, Gujarat. Email: drswagata32 @ gmail.com
2. MD (Ayu), PhD (Ayu), Director, G J Patel institute of Ayurvedic studies and research, New Vallabhvidyanagar, Anand, Gujarat. Email: chpatel28 @ gmail.com

## Introduction

COVID-19 has continued its unrelenting onslaught on the human race. However, man is fighting back and learning to live with the disease. As a result, many nations are easing lockdown and other restrictive measures enforced to limit movement in addition to implementing and promoting the observance of precautionary measures to slow the spread of the disease.'As part of their prevention Strategies or in preparation for reopening, governments and organizations in many countries are taking initiatives of disinfecting public places by means of fumigation and making such environments “safe” against COVID-19.


In the face of dwindling financial resources due to the severe economic disruption caused by the pandemic, priority needs to be given to the most beneficial and cost-effective measures to fight the disease. By the time, vaccine is distributed to every strata of society, there is a need to protect ourselves and prevent the virus from further harming people. Sanitization has so far been given importance in prevention of contamination of viruses. Frequent and overuse of sanitizers 1s causing excessive skin dryness or even contact dermatitis. To avoid these adverse effects, fumigation with herbal medicine can be proved as good sanitization technique.

## Why fumigation


There are three different routes of the transmission of COVID-19 viruses from the contagious person to a healthy person. (Fig.l) These are

1. Direct route
2. Indirect contact
3. Airborne transmission


} Target for fumigation



Direct (Individual Sanitation)



Indirect (fomites)
Surface Treatment



Airbourne (Ambience Treatment)

**Fig. 1: Routes of transmission of COVID & their mode of transmission**

Ordinary breathing and speech generate a large amount of potentially infectious aerosols. Particles generated during human exhalation flows such as coughing, sneezing

and breathing are from mouth and/or nose.

Velocity, number and size distribution of the infectious droplet play an important role in virus transmission. Velocity of virus spread by various modes of transmission is as explained in table 1.

**Table 1: Velocity of virus according to modes of transmission**

| Modes of transmission of particles | Velocity |
|---|---|
| Rate of particle emission during normal human speech | 50 particles/s |
| Natural Breathing and talking | 4.5 m/s |
| Sneeze droplets exhaled immediately at the mouth | 20 m/s |
| Coughing droplets | 10 m/s |

Average diameter of a Corona virus= 65—125 nm*

Size of respiratory droplets = > 5—10 um?

Therefore, one small viral droplet carrier can hold around 77 Corona viruses.

Rate of particle emerging during human exhalation flows= 77 x 50 ~ 3850 viruses/s. (around)

Coughing produces 10-100 times lesser droplets than sneezing. Fomites formed from deposited droplets are potentially infectious. Salivary droplets take longer time to evaporate than water droplets, thus, capacity of the infected surface in spreading the virus. Thus, there is a need for an understanding of the process of reducing the fomites and virus laden airborne droplets to break the spread of COVID-19.

Thus, cleansing of virus transmission due to indirect and airborne methods can be achieved through fumigation measures. Fumigation can serve as alternative strategy for surface treatments and ambience treatments.

Dhupana (Fumigation) procedure has been well explained in Ayurveda for germicidal, antibacterial, antiviral purpose. This measure is described for human (Physical and psychological) as well as environment health. It is performed by burning mixture of medical herbs which is burnt in specific way to form smoke.

Mostly Dhupana is done on holy rituals like Homa, Yagnya, Pooja etc. where social gathering is observed. It has scientific importance of maintaining mass hygiene which has been coupled with religious rituals so that the society can get benefited on mass level. Fumigation is indicated in epidemiological diseases (Janopadodhwansa Vyadhi). Current scenario of COVID 19 demands mass hygiene. By performing fumigation on public places, one can assure the virus free environment.

Ayurveda classics have described Dhupana for various purposes:

1. **Raksoghana Dhupa:** for protection from infections.
2. **Svastika Dhupa:** for increasing auspiciousness.
3. **Gana Dhupa:** for all diseases originating from Bhuta (microbes).
4. **Punya Dhupa:** for holy people & holy purpose.
5. **Varuna Dhupa:** for Shlesma Roga in summer season


ISSN 0976 – 9609

6. **Shri Dhupa:** for prosperity

**Area that should be fumigated:** Majorly, High touch surfaces as follows

- Baskets, bins, trays, etc.
- Benchtops
- Door handles/knobs in the lab
- Equipment controls & touchpads
- Equipment handles and latches
- Chair backs and arm rests
- Drawer and cabinet handles
- Light switches
- Shared chemical bottle, caps
- Bin and water incubator lids
- Pens, whiteboard markers
- Hood sashes and airfoils
- Micropipettors, shared tools
- Faucet handles, sprayer grips

**How frequent fumigation needed:** Start of and halfway throughout day.

**Drugs for fumigation according to origin**

- **Plant origin:** Nimba, Guggulu, Sarshap, Vacha, Haridra, Chandan, Ushir, Ela
- **Animal origin:** Ghee, Horn, Hair
- **Mineral origin:** Hartal, Manashila

(Mineral origin drugs shall not be used without prescription of registered Ayurveda medical practitioner)

- **Collection of drugs:** Pushya Nakshatra
- **Use of drugs:** in dry form by making coarse powder

Various herbs indicated as fumigant are described in table 2.

**Table 2: Object of fumigation and herbal fumigant**

| Object of fumigation | Herbs medicine as fumigant |
|---|---|
| Cloths, beds | Jau,Sarshap,Atsi, Hinga, Guggulu, Vacha, Chorpushpi, Brahmi, Darbha, Jatamansi, Ashok, Kutki, Guggulu |
| Home, working places | Sarshap, Ggguluu, Neem, Ghee and Lavana |
| Air | Laksha, Haridra, Haritaki, Musta, Harenuka, Ela, Tagar, Kushtha, Priyangu etc. |
| Children bedsheet | Gugegulu, Neem, Ativisha |

Various herbs used for fumigation have been proved activities against following micro-organism as described in table 3.

**Table 3: Herbs medicine and its activities against micro-organisms**

| SN | Drug | Established activity against micro organism |
|---|---|---|
| 1 | **Nimba (Azadiracta indica)** | Streptococcus pyogenes, S. aureus, S. epidermidis, and P.aeruginosa |
| 2 | **Guggulu (Commiphora wightii)** | Bacillus megater1um, Micrococcus luteus, Enterococcus faecalis, Staphylococcus aureus and fungal strains of Aspergillus niger, A. flavus, Candida albicans and Microsporum fulvom |
| 3 | **Sarshap (Brassica compestris)** | Nematotes, Parasites and is a broad spectrum antibacterial and antifungal properties |
| 4 | **Ela (Elettaria cardamomum)** | Aspergillus niger, A. fumigatus, A. flavus and Candida albicans, B. subtilis Broad spectrum antifungal and inhibits yeast growth |
| 5 | **Haridra (Curcuma longa)** | Aspergillus flaws, Fusarium semitectum, Collectotrichum gloeosporioides and C. musae |
| 6 | **Bhallatak (Semecarpus anacardium)** | Bacillus subtilis, Staphy lococcus aureus, gram negative- Proteus vulgaris, E. coli Bacilus pyogenes and fungal strains of Aspergillus niger, Aspergillus fumigates, candida albicans, candida glabrata |
| 7 | **Jatamansi (Nardostachys jatamasni)** | Aspergillus flavus, A. fumigatus, A. sulphureus, Mucorfragilis and Rhizopus stolonifera and antiparasitic action against S. zeamais and T. castaneum |
| 8 | **Nirgundi (Vitex negundo)** | Staphylococcus aureus and Larvicidal against Culex tritaeniorhynchus, Anopheles, Culex and Aedes |
| 9 | **Tulasi (Ocimum sanctum)** | Multidrug resistant Shigella strains, larvicidal activity against house-flies and mosquitoes, nematicidal and fungi static |

It is reported that, a powder containing Guggul, Aguru, Sarjarasa and Sarshapa added with Lavana, Nimbapatra & Ghee used for fumigation of operation theatre showed equal efficacy to modern technique of formalin fumigation on swab reports.

**Advantages of fumigation**

1. Easy to perform.
2. It spreads quickly covering a large volume of area.
3. It possesses anti-microbial, anti-bacterial, anti-viral etc. activity
4. No need to take drug by oral route.
5. Less chances of any ADR.
6. Mass fumigation can be achieved in single fumigation process.
7. It helps to keep environment clean and healthy.
8. When burn on fire fumigant substances give beautiful aroma and spread in the atmosphere along with the air.

9. It gives pleasant feeling to body & mind.
10. Does not require special training as common procedure in Indian culture.

## Discussion

COVID-19 is yet continuing its hazards globally. Vaccination came though its preventive value is not certain and it has not been reached to every human. Thus, preventing measures are mandatory. Though vaccinated, wearing mask, sanitization, avoiding social gathering is must.

Fumigation technique being easy to perform does not require special care and helps to clean the environment. Fumigant drugs described in the articles possess anti-bacterial (against gram +ve and —ve), anti-viral, anti-fungal, anti-nematodal, larvicidal etc. activities. If used in combination, this drugs show a synergistic effect. Being Agni, Vayu predominant drugs, this spreads rapidly and quickly. Most of the fumigants are volatile in nature which helps to decrease the pathogens that contaminate air and helps to clear pathogens from surface.

## Conclusion

Dhupana (Fumigation) is an important modality practiced since ancient times for the purpose of sterilization of house and place around. Drugs used as fumigant are anti-bacterial (against gram + ve and —ve), anti-viral, anti-fungal, anti-nematodal, larvicidal in nature. In the scenario of COVID, for maintain hygiene of public places and surfaces practice of fumigation is helpful.

## References

World Health Organization Africa , 2020. WHO Urges Caution as Countries in Africa Ease Lockdowns. Geneva, Switzerland: WHO.

Business Day, 2020. COVID-19: group writes NPA, calls for fumigation of ports to prevent spread. Business Day..

Khan, M.H., Yadav, H. Sanitization During and After COVID-19 Pandemic: A Short Review. Trans Indian Natl. Acad. Eng. 5, 617—627 (2020).

Shereen MA, Khan S, Kazmi A, Bashir N, Siddique R (2020) COVID-19 infection: origin, transmission, and characteristics of human coronaviruses. J Adv Res 24:91—98

World Health Organization (2020c) Modes of transmission of virus causing COVID-19: implications for IPC precaution recommendations: scientific brief, 27 March 2020 (No. WHO/2019-nCoV/Sci_Brief/Transmission_modes/2020.1). World Health Organization

Asadi S, Wexler AS, Cappa CD, Barreda S, Bouvier NM, Ristenpart WD (2019) Aerosol emission and superemission during human speech increase with voice loudness. Sci Rep 9(1):1-10

P Sharma, Kashyap Samhita, 4th edition.172-172, Chaukhamba Sanskrit publisher, Varanasi, 1992

Bailey & Love. Short Practice of Surgery. Oxford University Press Publication, New York, 23rd Ed., 2000. 120

https://ehrs.upenn.edu/covid-19/lab-cleaning-and-disinfection-covid-19-guidance

Sumod Khedekar, Sumeet Goel, Nisha Kumari Ojha. Ayurveda dhoopana (medicated smoke) chikitsa in present scenario: A REVIEW. Int. J. Res. Ayurveda Pharm. 7 (2), Mar-Apr 2016

Ishnava, K.B., Mahida, Y.N. and Mohan, J.S.S. In vitro assessments of antibacterial potential of Commiphora wightii (Arn.) Bhandari. gum _ extract. Journal of Pharmacognosy and Phytotherapy 2010; 2(7): 91

G J Patel Institute of Ayurvedic Studies & Research,
New Vallabh Vidyanagar. M: 79849 56017

## તનાવઃ અર્થ, લક્ષણો અને કારણો

પી.ડી.શર્મા

આજે માનવજાતિએ પ્રગતિનાં અનેક સોપાનો સર કર્યાં છે. એક વખત અસંભવ ગણાતા કાર્યો આપણે કરી બતાવ્યા છે. આપણા પૂર્વજોએ સપનાઓમાં પણ કલ્પના કરી ન હોય એવી પ્રાપ્તિઓ અને સિદ્ધિઓ આપણે મેળવી છે. વૈજ્ઞાનિક સંશોધન અને આવિષ્કારોએ આજે જીવનની કાયાપલટ કરી નાખી છે. વિજ્ઞાન સુખસગવડનાં નિતનવાં સાધનો માનવજાતિના ચરણે ધરતું જાય છે. આ બધાં કારણોસર આપણે પોતાને આધુનિક અને સુસંસ્કૃત માની શકીએ, પરંતુ સુખી તો નહીં જ. ઊંઘ માટે નિદ્રાકારક ગોળીઓ, મળવિસર્જન માટે જુલાબની ટીકડીઓ અને શક્તિ જાળવવા ટોનિકો વગર આપણને ચાલતું નથી. પીડાનાશક અને ઘેનકારક દવાઓનું ચલણ વધતું જાય છે. યુવાનો આજે માદક પદાર્થો તરફ વધી રહ્યા છે અને અવનતિની ખીણમાં સરકી રહ્યા છે. સંપત્તિની લાલસાએ આપણા હૃદયો પાષાણ બનાવ્યા છે. જીવનમૂલ્યોનો હ્રાસ થતો જાય છે. ઘડિયાળના કાંટે દોડતા સ્પર્ધાત્મક જીવનને તીવ્ર માનસિક તાણને જન્મ આપ્યો છે. ડાયાબિટીસ અને કેન્સર જેવા જટિલ રોગો તેમજ એસિડિટી, હોજરીનાં ચાંદા, આધાશીશી તથા લોહીના ઊંચા દબાણ જેવા મનો-શારીરિક રોગોએ માઝા મૂકી છે.

### તનાવનો અર્થ

આજના આધુનિક યુગમાં મનુષ્ય પોતાની જરૂરિયાતો વધારતો ગયો છે અને ભૌતિક સુવિધાઓ મેળવવાની પાછળ પડ્યો છે, પરંતુ ભૌતિક વસ્તુઓ મનુષ્યને માટે કાયમી સુખરૂપ બનતી નથી, તેથી વ્યક્તિમાં હતાશા, દુઃખ, ક્રોધ, ભય, ઈર્ષ્યા વગેરે જેવી લાગણીઓ જન્મે છે. તેમાંથી જ એક લાગણી, જે નકારાત્મક છે તે તનાવ છે. વ્યક્તિના તનાવ પાછળ અનેક કારણો જવાબદાર હોઈ શકે છે.

તનાવનો સામાન્ય અર્થ થાય છે દબાણ. તનાવ એક એવી પરિસ્થિતિ છે, જે વ્યક્તિની પસંદ પ્રમાણે હોતી નથી અને એને કારણે તે દબાણનો અનુભવ કરે છે. સામાન્ય શબ્દોમાં કહીએ, તો 'તનાવ એક એવી માનસિક પરિસ્થિતિ છે, જે આપણા મન અને શરીરનું અસંતુલન કરે છે.' તનાવને કારણે મનની અસ્થિરતા જન્મે છે, જે આપણા મન અને શરીરનું અસંતુલન કરે છે. તનાવને કારણે મનની અસ્થિરતા જન્મે છે. વ્યક્તિ હજારો પ્રકારની ચિંતા કરે છે અને તેથી વિચારોમાં અવ્યવસ્થા આવી જાય છે. તનાવમાં વ્યક્તિ દબાણ હેઠળ કામ કરે છે. એટલે કે ન ગમતી પરિસ્થિતિઓ સાથે વહેલા અનુકૂલન સાધી લે છે તેને તે પ્રમાણે ઓછું દબાણ કે તનાવ મહેસૂસ થાય છે.

તનાવને કારણે વ્યક્તિના બાહ્ય વાતાવરણ તેમજ આંતરિક વાતાવરણમાં ઘણા ફેરફારો આવે છે. તનાવને કારણે વ્યક્તિના વર્તનમાં પણ ફેરફાર આવે છે. જો તનાવ લાંબા સમય સુધી રહે, તો તે શરીરની આંતરિક સામ્યાવસ્થાને પણ ખૂબ જ ઊંડાણથી પ્રભાવિત કરે છે. આ રીતે તનાવ એ વ્યક્તિના શરીર અને મન બંને ઉપર અસર કરે છે. તનાવમાં વ્યક્તિ મન તેમજ શરીર ઉપર દબાણ મહેસૂસ કરે છે. તનાવ જ્યારે આપણા શરીરમાં ઉત્પન્ન થાય છે, ત્યારે આપણા શરીરમાં જે સામ્યાવસ્થા હોય છે, તે તૂટી જાય છે. શરીર એ પરિસ્થિતિનો સામનો કરવા માટે કાર્યશીલ થઈ જાય છે અને ફરીથી સામ્યાવસ્થા મેળવવા માટે કોશિશ કરે છે.

### તનાવનાં લક્ષણો

તનાવને કારણે વ્યક્તિમાં નીચે પ્રમાણેનાં લક્ષણો જોવા મળે છે:

૧. હૃદયના ધબકારા વધી જાય છે.
૨. લોહીનું દબાણ (બ્લડપ્રેશર) વધી જાય છે.
૩. પાચનતંત્ર ધીમું અથવા મંદગતિએ થઈ જાય છે.
૪. પરસેવો થવાનો શરૂ થઈ જાય છે.
૫. ગરદન અને ખભાના સ્નાયુઓ ખેંચાઈને કડક થઈ જાય છે.
૬. નકારાત્મક વિચારો આવવા માંડે છે.
૭. જલદીથી ક્રોધિત થઈ જાય છે.
૮. હતાશાની ભાવના જાગ્રત થાય છે.
૯. અનિદ્રાની તકલીફ ઊભી થાય છે.
૧૦. માથાનો દુઃખાવો મહેસૂસ કરે છે.

 ISSN 0976 – 9609

આ રીતે આજે દરેક માણસ એક યા બીજી રીતે તનાવથી પીડાય છે અને આજનો યુગ સમસ્યાઓ અને તદ્જન્મિત તનાવનો યુગ બન્યો છે. જીવનની સરળતા ચાલી ગઈ છે અને આના કારણે માનવીના શરીર અને મનની સમતુલા જોખમાઈ છે. આ પરિસ્થિતિથી બચવા આગળ વધેલા દેશોએ યોગનું શરણ સ્વીકાર્યું છે. તેનાથી તંદુરસ્ત, સુખી અને સમન્વયાત્મક જીવન પ્રાપ્ત થાય છે. આથી જ વિશ્વભરમાં યોગની માગ ઊભી થઈ છે.

**તનાવનાં કારણો**

વર્તમાન યુગ ભૌતિક પ્રગતિનાં અનિષ્ટોથી પીડાય છે. નકારાત્મક અને પ્રત્યાઘાતી વલણો, સ્પર્ધા, તનાવો, ગુનાખોરી અને છેતરપિંડી વ્યાપક બન્યાં છે. ભૌતિક પ્રગતિથી આનંદ અને શાંતિને બદલે, કલેશ, દુઃખ, અશાંતિ અને નવા-નવા રોગો વધ્યા છે. માનવ અને માનવતા જાણે ખોવાઈ ગયાં છે. સુખ અને શાંતિ માટે આપણે આપણા જીવન પ્રત્યે સત્યવાન, નિષ્ઠાવાન અને પ્રામાણિક બનવું જરૂરી છે. એટલે કે નિષ્ઠા, વિવેક અને પ્રમાણિકતા સાથે જ જીવન સફળ થઈ શકે છે. તેવા આત્મવિશ્વાસ સાથે આંતરિક શુદ્ધતા, સ્વસ્થતા, વિવેક, નિર્મળતા અને નમ્રતા સાથે જીવન જીવો અને સત્ય સ્વરૂપ થઈને નિષ્ઠાપૂર્વક સ્વાર્થને ઓગાળીને કર્મ કરો. એવી રીતે જ ઔદ્યોગિકીકરણની સાથે જીવનની શૈલી સુધારવામાં ન આવે તો સાર્વત્રિક મલિનીકરણ જેવા અનિષ્ટો માનવઅસ્તિત્વને ભયમાં મૂકી શકે તેમ છે.

આજે તનાવ થવાના ઘણાં કારણો છે, પરંતુ તેમાંથી મુખ્ય ચાર કારણો નીચે મુજબ છેઃ

૧. આર્થિક કારણો
૨. શારીરિક કારણો
૩. માનસિક કારણો
૪. સામાજિક કારણો

**૧. આર્થિક કારણો**

આજે દરેક વ્યક્તિને ભૌતિક સુખ-સુવિધાઓ મેળવવા માટે આંધળી દોટ મૂકવી છે. આજે સમાજમાં બેરોજગારી, ખર્ચ કરતાં ઓછી આવક, મોંઘવારી વગેરેને કારણે સામાન્ય વ્યક્તિ તનાવ મહેસૂસ કરે છે. ભારત જેવા દેશ માટે તો ગરીબી તનાવ માટેનું મોટું કારણ બન્યું છે. કેટલીક વાર તો આ ગરીબી દૂર કરવા માટે મનુષ્ય અપરાધિક પ્રવૃત્તિઓ કરવા માટે પણ પ્રેરાય છે.

**૨. શારીરિક કારણો**

કેટલાંક શારીરિક કારણો જેવાં કે મોટો અકસ્માત, મોટું નુકસાન, મોટું ઈન્ફેકશન, મોટું ઓપરેશન, કેન્સર, એઈડ્સ જેવા પ્રાણઘાતક રોગો વગેરેને લીધે વ્યક્તિ તનાવ મહેસૂસ કરે છે. કેટલીકવાર તો વ્યક્તિ શારીરિક તનાવ સહન ન થવાને કારણે આપઘાત પણ કરી બેસે છે.

**૩. માનસિક કારણો**

ડર, ક્રોધ, દબાણ, ઈર્ષા, ઘૃણા, ઉત્તેજના, હતાશા જેવા માનસિક કારણોને લીધે પણ વ્યક્તિ તનાવ મહેસૂસ કરે છે. માનસિક તનાવને કારણે વ્યક્તિના સ્વાસ્થ્ય ઉપર પણ માઠી અસર પડે છે અને મનોશારીરિક રોગો જેવા કે ડાયાબિટીસ, લોહીનું ઊંચું કે નીચું દબાણ, હાર્ટ એટેક, કેન્સર, અલ્સર જેવા રોગોથી પીડાવા માંડે છે.

**૪. સામાજિક કારણો**

કેટલાક સામાજિક કારણો જેવા કે પારિવારિક કલેશ, વિવાહિત જીવનથી અસંતોષ, સામાજિક બહિષ્કાર જેવા કારણોથી પણ વ્યક્તિ તનાવ મહેસૂસ કરે છે. જો યોગ્ય સામાજિક અનુકૂલન સાધવામાં ન આવે, તો આ તનાવ કાયમી બની જાય છે. મનુષ્ય સામાજિક પ્રાણી છે, એટલે દરેક વ્યક્તિ સામાજિક હૂંફ, માનસમ્માન અને અરસપરસ લાગણીની અપેક્ષા રાખે છે. જ્યારે આ લાગણીઓ દુઃખાય છે, ત્યારે વ્યક્તિનું જીવન તનાવપૂર્ણ બની જાય છે.

એટલે જો વ્યક્તિને તનાવમુક્ત જીવન જીવવું હોય, તો આર્થિક, શારીરિક, માનસિક અને સામાજિક કારણો દૂર કરવા જોઈએ અથવા યોગ્ય અનુકૂલન સાધી લેવું જોઈએ કારણ કે જીવનમાં પ્રગતિ કરવા માટે વ્યક્તિ તનાવમુક્ત હોય તે અત્યંત જરૂરી છે.

બી-૧, સ્વીસ એવન્યુ, પટેલ કોલોની, માણેકબાગ હોલ સામે,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫
(ઘર) ०७९-२६५६४६५०, મો.૯૮૯૮૮ ७०८४०

# ।। અભિનંદન ।।

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના ૩૨ જેટલા પીએચ.ડી. વિદ્યાર્થીઓને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુણવત્તાયુક્ત સંશોધન માટે માસિક રૂા.૧૫,૦૦૦ સ્ટાઈપેન્ડ પેટે બે વર્ષ સુધી તથા સંશોધન માટે જરૂરી પુસ્તકો, જર્નલ્સ, સાધનો વિગેરે માટે વાર્ષિક રૂા.૨૦,૦૦૦/-નું કંટીજન્સી ફંડ ફાળવવામાં આવ્યું છે. પસંદગી પામેલ વિદ્યાર્થીઓને ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી અને ચારુતર વિદ્યામંડળ અભિનંદન પાઠવે છે.

## List of Beneficiaries approved under SHODH Scheme 2021

| **Student Name** | **Department/Faculty** |
|---|---|
| Bhanderi Khodidas Keshavjibhai | Industrial Chemistry |
| Bharucha Shivani Rajeshkumar | Physical Science |
| Bhuriya Dhanrajbhai Kaburbhai | ILSASS |
| Chaudhari Hirenkumar Jivanbhai | Science |
| Dave Jalpesh Amrutlal | Physics |
| Dhruv Shweta Dhrumanbhai | Physical Sciences Department |
| Dodia Richa Virendrasinh | Department of Science |
| Goswami Nirali Yogeshgiri | Science |
| Hasmukh Kanji Varchand | Physical Science |
| Jadav Komalben Harendrasinh | Arts |
| Joshi Jaimin Rajeshbhai | Industrial Chemistry |
| Ka Patel Divyangkumar Ajaykumar | Science |
| Kandoliya Premkumar Omkumar | Inst. of Language Studies & Applied Social Sciences |
| Limbani Tushar Ambalalbhai | Science |
| Malek Tabsumbanu Allarakhan | Philosophy |
| Meet Ghanshyambhai Patel | Polymer Science & Technology Department, ISTAR |
| Neelu Jangid | Education |
| Nileshmumar Surpalbhai Vala | Polymer Science & Technology |
| Pathak Nikhilesh Sunil | Journalism & Mass Communication ILSASS |
| Popaliya Meera Rajeshbhai | Industrial Chemistry |
| Prajapati Arvind Nagjibhai | Science |
| Rajyaguru Falguni Arvindkumar | Education |
| Rathod Farhin Dilipsinh | Education |
| Rathod Tarulataben Bhanuprasad | P G Department of English |
| Rathva Sumitaben Kanubhai | Philosophy |
| Shaffiqali Yusufali Saiyad | ARIBAS |
| Shah Riya Harshad | Science |
| Shaikh Fazilabibi Muniruddin | Arts |
| Trivedi Rudreshkumar Maheshbhai | Polymer Science & Technology Dept., ISTAR |
| Upadhyay Aratiben Kanubhai | Arts |
| Yadav Kirti Anand | Biotechnology |
| Yadav Mitali Ashwani | Polymer Science & Technology Dept. |













ચારુતર વિદ્યામંડળ તથા સીવીએમ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને આવરી લેતી જિમ્નેશિયમ, લાયબ્રેરી, ઈનડોર ગેમ્સ જેવી અદ્યતન સુવિધાઓથી સજ્જ ચાર માળ ધરાવતા અને ૬૮૦થી વધુ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતા અદ્યતન છાત્રાલય 'એ.એમ. નાયક હાઉસ ઓફ સ્કોલર્સ'ના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે પધારેલ ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, બીવીએમ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમજ સામાજિક ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા લાર્સન એન્ડ ટુબ્રો ગૃપના ચેરમેન પદ્મવિભૂષણથી સન્માનિત શ્રી એ.એમ. નાયક દૃશ્યમાન થાય છે. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના ચેરમેન અને સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડન્ટ એન્જિનિયર શ્રી ભીખુભાઈ પટેલે મહેમાનોને આવકારી હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. જ્યારે માનદ સહમંત્રીશ્રી મેહુલભાઈ પટેલે ચારુતર વિદ્યામંડળની ૭૫ વર્ષની વિકાસ ગાથા રજૂ કરી હતી. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક શ્રી પંકજભાઈ દેસાઈ, આણંદ જિલ્લા ભાજપના પ્રમુખશ્રી વિપુલભાઈ પટેલ, ચારુસેટ યુનિવર્સિટીના પ્રમુખશ્રી સુરેન્દ્રભાઈ પટેલ તેમજ વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ તથા કર્મચારીઓ હાજર રહ્યા હતા. ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રીશ્રી એસ.જી. પટેલ, સહમંત્રીશ્રીઓ રમેશભાઈ તલાટી, વિશાલભાઈ પટેલે આ ભગીરથ કાર્યને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

BOOK POST
August 2021

V-Vidyanagar 23 (8)
Published on 16/8/2021
No. of Pages 44 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2021-23
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on



**Ernest Rutherford**

30 August 1871 ~ 19 October 1937

Ernest Rutherford, 1st Baron Rutherford of Nelson, OM, FRS, HonFRSE was a New Zealand physicist who came to be known as the father of nuclear physics. Encyclopædia Britannica considers him to be the greatest experimentalist since Michael Faraday.

Printed at Lajja Communications, Vidyanagar 388 120

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )